ગુજરાતી

# બાલભારતી

ધોરણ ચોથું





Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તેમ જ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ – ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી – ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૩-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ગુજરાતી
# બાલભારતી
## ધોરણ ચોથું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે – ૪૧૧ ૦૦૪

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દશ્ય, શ્રાવ્ય અને દશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૬ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ :**

ડૉ. ઉષા નાયર, અધ્યક્ષ
શ્રીમતી ભાવના જોશી (સભ્ય)
શ્રીમતી પ્રતિભા પટેલ (સભ્ય)
શ્રીમતી જાગૃતિ રાઠોડ (સભ્ય)
શ્રીમતી પુષ્પા સોલંકી (સભ્ય)
શ્રીમતી ધર્મિકા દોશી (સભ્ય)
શ્રી ધીરેન દોશી (સભ્ય)
શ્રીમતી હીના પરમાર (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી તન્વી પટેલ (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી ઉર્મિલા પટેલ (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી કેતકી જાની (સદસ્ય-સંયોજક)

**ગુણવત્તા સમીક્ષક**

ડૉ. અરવિંદ ભાંડારી
ઍડવોકેટ ઝીલ ઠક્કર
શ્રીમતી પૂર્વી રાજ

**સંયોજન**

**શ્રીમતી કેતકી જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ તથા
કાર્યકારી વિદ્યાસચિવ (ભાષા), પાઠ્યપુસ્તક મંડળ, પુણે

મુખપૃષ્ઠ : શ્રી. ભટૂ રામદાસ બાગળે
ચિત્રકાર : ક્રીષા સંજયભાઈ પટેલ
અક્ષરગૂંથણી : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે
કાગળ : ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવ્હ,
મુદ્રણાદેશ :
મુદ્રક :

નિર્મિતિ : શ્રીમતી મિતાલી શિતપ
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેન્દ્ર પાંડલોસ્કર
નિર્મિતિ અધિકારી

પ્રકાશક : શ્રી. હેમંત બાબર
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છે. ગુજરાતી બાલભારતી ધોરણ ચોથાનું આ પાઠ્યપુસ્તક આપ સૌના હાથમાં સોંપતા અંતરથી આનંદ અનુભવીએ છીએ.

ત્રીજા ધોરણ સુધીમાં તમે શબ્દ અને વાક્યો વાંચતા, લખતા અને બોલતા શીખ્યા છો. ધોરણ ચોથાનાં આ પાઠ્યપુસ્તકમાં તમે નવી નવી વાર્તા, કાવ્યો, સંવાદ, ચિત્રકથા, ચિત્રવર્ણનનો આનંદ માણશો. પાઠ્યપુસ્તકની કૃતિઓ તમને વિચાર કરતા કરશે, નવી નવી વાતો શીખવશે અને તેના દ્વારા તમારી કલ્પનાશક્તિ પણ વધુ વિસ્તરશે.

પાઠ્યપુસ્તકમાં આપેલા ગેય કાવ્યો, તમે સૂર-તાલ અને અભિનય સહિત રજૂ કરી શકશો. પુસ્તકમાંની કેટલી કૃતિ વાંચતી વખતે તમને પોતાના અનુભવો યાદ આવશે. દરેક કૃતિ સાથે આપેલા રંગીન બોલકા ચિત્ર તમને આશય સમજવામાં મદદરૂપ થશે. ક્યારેક આ ચિત્રો જોઈને તમે જાતે પણ વાર્તા તૈયાર કરી શકશો.

આ વર્ષે તમે ભીંતપત્રક, હસ્તલિખિત સાહિત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા તૈયાર કરતા શીખશો. પાઠ્યપુસ્તકમાં આપેલા પૂરકવાંચન અને ભાષિક રમત દ્વારા તમારો શબ્દભંડોળ પણ વધશે. આ પાઠ્યપુસ્તકના માધ્યમથી તમે શુદ્ધ ઉચ્ચાર સહિત, સરસ વાંચન કરતા શીખશો. સાથે જ શુદ્ધ અને ચોખ્ખું લેખન, તેમ જ આત્મવિશ્વાસપૂર્વક બોલતા શીખશો. ઘરે, શાળામાં, પરિસરમાં રોજિંદા વ્યવહારમાં ગુજરાતી ભાષા પ્રભાવી રીતે વાપરતા શીખશો. વિદ્યાર્થી મિત્રો, ગુજરાતી ભાષા વાંચો, સમજો, બોલો, લખો અને આનંદસહિત શીખો.

તમારા શૈક્ષણિક પ્રવાસ માટે તમને ખૂબ ખૂબ શુભેચ્છા.

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
દિ. ૧૯/૦૪/૨૦૨૬
ભારતીય સૌર દિનાંક :
૨ વૈશાખ, ૧૯૪૮
અખાત્રીજ

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

### ભારતનું સંવિધાન
### ભાગ ૪ ક
## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## શિક્ષક સાથે સંવાદ

શિક્ષક મિત્રો,

આપે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર તૈયાર કરાયેલા આ પાઠ્યપુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરાવવાની છે.

ધોરણ ચોથામાં પ્રવેશેલા વિદ્યાર્થીઓ ગુજરાતીમાં સંવાદ કરતા, લખતા વાંચતા, ગદ્ય-પદ્યનું આકલન, સંવાદલેખન, કથાલેખન, કાવ્યનિર્મિતિ, સૂચનાલેખન, શુભેચ્છા સંદેશ આપતા શીખી ગયા છે. વિવિધ કૃતિઓ, શાબ્દિક કોયડા અને જુદી જુદી ભાષિક રમતો દ્વારા તેમનો શબ્દભંડોળ પણ વિકસિત થયો છે. સાથે જ ભાષાકીય કૌશલ્યો પણ વિકસિત થયા છે.

નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી મુક્ત કરી, જ્ઞાનથી આકલન તરફ લઇ જવાનો છે. વિદ્યાર્થીઓ દરેક કૃતિ જાતે કરી શકે તે માટે તમારે જરૂરી માર્ગદર્શન આપવું. સહાયકની ભૂમિકા ભજવવી, તૈયાર જવાબો આપવા નહીં.

પાઠ અને કવિતા સમજાવતાં પહેલા વિષય પ્રવેશ, વિષયનો પ્રાથમિક પરિચય આપતી કૃતિઓ કરાવવી. ઉપરાંત સ્વાધ્યાય માટે આપેલી પ્રવૃત્તિઓ જોઇ જવી અને કૃતિ સમજાવતી વખતે જ તે તરફ બાળકોનું પરોક્ષ રીતે ધ્યાન દોરવાથી બાળકો જાતે પ્રવૃત્તિઓ કરી શકશે. પાઠ-કાવ્ય પછી 'ચાલો, વાતચીત કરીએ'માં આપેલા પ્રશ્નો સિવાય પણ બીજા સંબંધિત પ્રશ્નો પૂછી ચર્ચાના માધ્યમથી વિષયનું બહોળું જ્ઞાન આપી શકો છો. બાળકોને શબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરાય તેનું પ્રાત્યક્ષિક વર્ગમાં કરાવવું. સમયાંતરે બાળકો સ્વતંત્ર રીતે શબ્દકોશનો ઉપયોગ કરી શકે તેવો પ્રયત્ન કરવો. પાઠ્યપુસ્તકમાં કાર્યાત્મક ઢબે, અનૌપચારિક રીતે, બાળસહજ ભાષામાં આડકતરો પરિચય આપી વ્યાકરણ આપવામાં આવ્યું છે. તમારે ભારરહિત ઢબે જ તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ ભીંતપત્રક અને હસ્તલિખિત પ્રત તૈયાર કરશે. એના માટે, તેમજ પ્રકલ્પ- ઉપક્રમ તૈયાર કરવા માટે સંદર્ભ સાહિત્ય મેળવવામાં, તેનો ઉપયોગ કરી લેખન કરવામાં બાળકોના સહાયક બનવું. બાળકોની વયને અનુરૂપ લોકસાહિત્ય વર્ગનાં વાંચનખૂણામાં ઉપલબ્ધ કરાવવું. શાળાના પુસ્તકાલયની સાથે સાથે ઈ-લાયબ્રેરીનો ઉપયોગ કરતા, દશ્યશ્રાવ્ય માધ્યમોની મદદથી આપેલા વિષય પર માહિતી મેળવવા શીખવવું. વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા જુદા જુદા વિષય આધારિત ભીંતપત્રકો શાળાની દિવાલ પર લગાડવા. આ વર્ષે વિદ્યાર્થીઓ નિમંત્રણ પત્રિકા તૈયાર કરતાં શીખશે. સરળ અને અનૌપચારિક ઢબે પત્રિકાના સ્વરૂપ, તેમાં લખાતી માહિતી વિશે ચર્ચા કરવી. જુદા જુદા પ્રસંગની નિમંત્રણ પત્રિકાના નમૂના દર્શાવવા.

પાઠ્યપુસ્તકમાં શક્ય એટલી ભાષિક રમતો, ઉપક્રમ, જૂથકાર્ય, વર્ગમાં કરાવી શકાય તેવી કૃતિઓ આપવામાં આવી છે. તમે આવશ્યકતા અનુસાર તેનો સવિશેષ મહાવરો કરાવવા સ્વતંત્ર છો. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ કે પ્રશ્નો સિવાય પણ જુદા જુદા પ્રકારના પ્રશ્નો પૂછી શકો છો. બાળકોને સ્વમૂલ્યમાપન કરવાની તક પૂરી પાડવી.

શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થાય, પ્રસ્તુતિ રજૂ કરે, વક્તવ્ય આપે તે માટે પ્રેરિત કરવા. આ વર્ષે વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવતા અને સાથે જ શુભેચ્છા કાર્ડ બનાવતા શીખશે.

પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિની શરૂઆતમાં પ્રતીક આપવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે તે કૃતિ સંબંધિત દરેક કાર્ય દરમિયાન વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું સંપૂર્ણ ધ્યાન રાખવું. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઈન લેંગ્વેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

આ પાઠ્યપુસ્તકના અધ્યયન-અધ્યાપન માટે આપ સૌને હાર્દિક શુભેચ્છા!

## અધ્યયન નિષ્પત્તિ અને તેને સાધ્ય કરતા પૃષ્ઠ ક્રમાંક

| અ.નિ.ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| C-1.1.1. | ઘટના, પ્રસંગ, વાર્તા, ગીત, કવિતા અથવા દૈનિક અનુભવ ઈત્યાદિ વિશે સહાધ્યાયી સાથે સંભાષણ કરે છે. | ૩,૯,૩૨,૩૯,૪૬,૫૫,૬૩,૭૫,૮૨ |
| C-1.1.2. | કથા, પરિચ્છેદ, સમાચાર સાંભળીને તે વિશે જૂથમાં ચર્ચા કરે છે. | ૬,૩૪,૭૩ |
| C-1.1.3. | ઘટેલી ઘટના, પ્રસંગ અને દૈનિક અનુભવ વિશે સુસંગત મત વ્યક્ત કરે છે. | ૩,૯,૫૫,૬૩ |
| C-1.1.4. | આપેલા વિષય પર આઠથી દસ વાક્યમાં સંવાદ રજૂ કરે છે. | ૧૨,૨૭,૫૦ |
| C-1.2.1 | વિવિધ પરિચ્છેદ સાંભળીને તેમજ વાંચીને તેનો મુખ્ય આશય જણાવે છે. | ૮,૨૩,૩૮,૫૩,૬૭,૭૯ |
| C-1.2.2 | પરિચ્છેદનો મુખ્ય આશય સવિસ્તાર જણાવે છે. | ૮,૨૩,૩૮,૫૩,૬૭,૭૯ |
| C-1.2.3 | સાહિત્યના આશયનું વર્ણન કરે છે. | ૧,૬,૩૫ |
| C-1.2.4 | વર્ગમાં વાંચેલા સાહિત્યનો સારાંશ કહે છે. | ૬,૩૫ |
| C-1.3.1 | આપેલી વસ્તુ વિશે, ઘટક વિશે પાંચથી છ વાક્યમાં માહિતી આપે છે. | ૧૯,૨૪ |
| C-1.3.2 | તહેવાર, ઉત્સવ, દિનવિશેષ પ્રસંગે શુભેચ્છા આપે છે અને માહિતી આપે છે. | ૧૯,૨૦ |
| C-1.3.3 | શાળાના વિવિધ કાર્યક્રમમાં કાવ્ય, અભિનય, ગીત વગેરે રજૂ કરે છે. | ૫૮,૬૫,૭૨,૭૬ |
| C-1.3.4 | આપેલા વિષય વિશે પોતાનો મત રજૂ કરે છે. | ૧૦,૧૭,૭૦ |
| C-2.1.1 | વાંચેલા સાહિત્યમાંની (ગદ્ય-પદ્ય) ઘટનાનો યોગ્યક્રમ કહે છે. | ૧૦,૧૨,૨૫,૩૫ |
| C-2.1.2 | સાહિત્યની મુખ્ય ઘટના અને પાત્ર વિશે બોલે છે. | ૧૦,૫૬,૭૦ |
| C-2.1.3 | વિરામચિહ્નોનો (પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નાર્થચિહ્ન, અવતરણચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન) ઉપયોગ કરે છે. | ૧૦,૧૮,૨૬ |
| C-2.1.4 | વાંચેલા સાહિત્યના આશય વિશે અનુમાન કરે છે અને સ્વભાષામાં કહે છે. | ૧,૭,૩૫ |
| C-2.1.5 | વાંચેલા સાહિત્યનો ૪થી ૫ વાક્યમાં નિષ્કર્ષ કાઢે છે. તે વિશે મત વ્યક્ત કરે છે. | ૪,૮૪ |
| C-2.2.1 | વાંચેલા વિવિધ સાહિત્યપ્રકારના આશય, ઘટના-પ્રસંગ, પાત્ર વિશે પોતાનો મત વ્યક્ત કરે છે. | ૧૦,૫૬,૭૦ |
| C-2.2.2 | વાંચેલા સાહિત્યના વ્યક્તિવિશેષ, મુખ્ય પાત્ર વિશે પોતાનો મત વ્યક્ત કરે છે. | ૧૦,૫૬,૭૦ |
| C-2.2.3 | વાંચેલા સાહિત્યનો (ગદ્ય/પદ્ય) આશય કહે છે, નિષ્કર્ષ કાઢે છે. | ૪,૮૪ |
| C-3.1.1 | આપેલા શબ્દસમૂહનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાકય તૈયાર કરે છે. | ૧૧,૪૭,૫૭ |
| C-3.1.2 | પરિસરમાં ઘટેલી ઘટનાનો ક્રમ જણાવી સ્વાનુભવ આધારિત પરિચ્છેદ તૈયાર કરે છે. સ્વમત જણાવી સમાપન કરે છે. | ૪૭ |
| C-3.1.3 | અપરિચિત પરિચ્છેદનું વાંચન કરી શીર્ષક આપે છે. | ૧૯,૩૪ |
| C-3.1.4 | વિવિધ સાહિત્યપ્રકારમાં સ્વાનુભવ વર્ણવી શીર્ષક આપે છે. (૪થી ૫ વાક્ય) | ૫૦ |
| C-3.2.1 | આપેલા સાહિત્યનો મુખ્ય આશય, સંકલ્પના ઓળખે છે. | ૩૪,૭૬ |
| C-3.2.2 | આપેલા પરિચ્છેદના પ્રસંગ પર આધારિત સ્વમત લખે છે. | ૪૨,૧૦ |
| C-3.2.3 | આપેલા વિષયો પર ૬થી ૮ વાક્યમાં સુસંગત પરિચ્છેદ લખે છે. | ૪૨,૪૭,૭૩,૮૬ |

| અ.નિ.ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| C-3.3.1 | વિવિધ વિષયો પર ભીંતપત્રક તૈયાર કરે છે. | ૧,૨૦,૪૩ |
| C-3.3.2 | આપેલા વિષય પર હસ્તલિખિત તૈયાર કરવા માટે સાહિત્ય મેળવે છે અને લેખન કરે છે. | ૧૩,૨૭,૨૮,૩૫,૫૮ |
| C-3.3.3 | શાલેય સાંસ્કૃતિક કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા તૈયાર કરે છે. | ૫૯ |
| C-3.3.4 | સ્વાનુભવનું સંવાદ સ્વરૂપે લેખન કરે છે. | ૫૦ |
| C-3.4.1 | યોગ્ય વિરામચિહ્ન અને જોડાક્ષરયુક્ત શબ્દોનો ઉપયોગ કરીને ૫થી ૬ વાક્યનો પરિચ્છેદ લખે છે. | ૪૨,૪૬,૭૩,૮૬ |
| C-3.4.2 | શુદ્ધલેખનના નિયમને ધ્યાનમાં રાખીને શબ્દ અને વાક્યરચના તૈયાર કરે છે. | ૧૧,૩૩,૭૧ |
| C-3.4.3 | વિશેષણ, ક્રિયાપદ, કાળને ધ્યાનમાં રાખીને લેખન કરે છે. | ૫,૧૮,૪૧,૪૨,૪૯,૫૦,૬૩,૭૬ |
| C-4.1.1 | સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દની યાદી તૈયાર કરે છે. | ૫,૧૦,૩૩,૫૭,૬૪,૬૫,૭૦ |
| C-4.1.2 | અનેક અર્થ ધરાવતા શબ્દનો સંગ્રહ કરે છે. | ૪,૧૧ |
| C-4.1.3 | શબ્દોનો અર્થ સમજીને તેનો વ્યવહારમાં ઉપયોગ કરે છે. | ૧૧,૪૭,૫૭,૭૧,૭૬ |
| C-4.2.1 | પ્રત્યક્ષ કૃતિ દ્વારા શબ્દચિત્ર અને શબ્દરમતના માધ્યમથી નવા નવા શબ્દ સંકલિત કરે છે. | ૪,૭૬,૮૪ |
| C-4.2.2 | એક શબ્દના અન્ય પર્યાયી શબ્દનો ઉપયોગ કરીને વાક્ય લેખન કરે છે. | ૭૧ |
| C-4.2.3 | ભાષિક રમતના માધ્યમથી વધુમાં વધુ શબ્દભંડોળ વિકસિત કરે છે. | ૪,૭૬,૮૪ |
| C-4.2.4 | પૂરક વાચન, સાહિત્યમાંની ભાષિક રમત દ્વારા નવો શબ્દભંડોળ વધારે છે. | ૧,૧૪,૧૫,૨૯,૩૦,૩૭,૫૧,૫૨<br>૬૦,૬૧,૭૮ |
| C-4.2.5 | શબ્દ કોયડા ઉકેલે છે. | ૧૯,૩૬,૪૮,૫૭,૭૬ |
| C-4.3.1 | વાંચેલા લોકસાહિત્યમાંના અપરિચિત શબ્દોની યાદી તૈયાર કરે છે. | ૭,૨૯,૩૦,૪૧,૪૮,૫૭,૬૪,૭૩<br>૭૮,૮૬ |
| C-4.3.2 | લોકસહિત્યના અપરિચિત શબ્દોના અર્થ શાલેય શબ્દકોશમાંથી શોધે છે. | ૭,૨૯,૩૦,૪૧,૪૮,૫૭,૬૪,૭૩<br>૭૮,૮૬ |
| C-4.3.3 | લોકસાહિત્ય વાંચીને અપરિચિત શબ્દ શોધીને શબ્દસંગ્રહ વધારે છે. | ૭,૨૯,૩૦,૪૧,૪૮,૫૭,૬૪,૭૩<br>૭૮,૮૬ |
| C-4.3.4 | વાંચેલું લોકસાહિત્ય પોતાની ભાષામાં કહે છે. | ૭,૨૯,૩૦,૪૧,૪૮,૫૭,૬૪,૭૩<br>૭૮,૮૬ |
| C-5.1.1 | ગ્રંથાલયમાંના વિવિધ પુસ્તકોની ઓળખ કરી લે છે. | ૧૪,૧૯,૨૭,૩૭,૭૮,૮૭ |
| C-5.1.2 | ગ્રંથાલયમાંના પુસ્તકો, વાંચન સાહિત્ય પોતે-જાતે જોઈને તેનું પ્રકારાનુસાર વર્ગીકરણ કરે છે. | ૧૪,૧૯,૨૭,૩૭,૭૮,૮૭ |
| C-5.1.3 | શાલેય ગ્રંથાલયમાંથી પૂરક અને સંદર્ભ પુસ્તકોની નિયમિતપણે આપ-લે કરે છે. | ૧૪,૧૯,૨૭,૩૭,૭૮,૮૭ |
| C-5.2.1 | ગ્રંથાલયમાંના પુસ્તકોનું વાંચન કરીને તેમાંનો ગમતો ભાગ કહે છે. | ૨૫,૨૭,૭૩ |
| C-5.2.2 | પાલકોની, શિક્ષકોની મદદથી ઈ-લાઇબ્રેરીનો ઉપયોગ કરે છે. | ૨૦,૭૩ |
| C-5.3.1 | વર્તમાનપત્રમાંના વિવિધ સમાચારના શીર્ષક વાંચે છે. | ૧૫,૭૩ |
| C-5.3.2 | વાંચેલા સમાચારના આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપે છે. | ૧૫,૨૦,૭૩ |
| C-5.3.3 | ભીંતપત્રક પર સમાચારની કાત્રણ પ્રદર્શિત કરે છે. | ૧૫,૪૩ |
| C-5.3.4 | સહાધ્યાયીઓને વાંચેલા અને સાંભળેલા સમાચાર વિશે કહે છે. | ૩૩,૭૩ |

**નોંધ –** ધોરણ ચોથાનાં બાળકોને વર્ષાંતે ઓછામાં ઓછી અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ સાધ્ય થવી જ જોઈએ. અહીં જે તે અધ્યયન નિષ્પત્તિ સામે નોંધવામાં આવેલા પૃષ્ઠ ક્રમાંક સિવાય, અન્ય પૃષ્ઠ ક્રમાંક પર આપવામાં આવેલા આશય દ્વારા પણ તે અધ્યયન નિષ્પત્તિ સાધ્ય થઈ શકે છે. દરેક પૃષ્ઠ પર આપેલા ઘટક દ્વારા અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ સિવાય અન્ય અધ્યયન નિષ્પત્તિઓ પણ સાધ્ય થઈ શકે છે.

# અનુક્રમણિકા


## ભાગ – ૧

| અ.ક્ર. | કૃતિ | પૃ. ક્ર. |
|---|---|---|
| ૧ | ભૂલું ના ભગવાન | ૧ |
| ૨ | કહો ને, હું શું આપું? | ૨ |
| ૩ | કરતા હો સો કીજિયે | ૮ |
| ૪ | ઋતુઓની તકરાર | ૧૪ |
| ૫ | મારો ભારત દેશ | ૧૬ |

## ભાગ – ૨

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૬ | બાળકને દૂધ મળ્યું | ૨૩ |
| ૭ | માથું | ૨૯ |
| ૮ | નાનો-મોટો | ૩૧ |
| ૯ | એક નાનો છોકરો | ૩૭ |
| ૧૦ | એકાગ્રતાનો ચમત્કાર | ૩૮ |

## ભાગ – ૩

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧૧ | હું છું ખાખી બાવો | ૪૫ |
| ૧૨ | પૂરીની આત્મકથા | ૫૧ |
| ૧૩ | ચંપાનું ચીં.... ચીં..... | ૫૩ |
| ૧૪ | લંગડી | ૬૦ |
| ૧૫ | તડકાને | ૬૨ |

## ભાગ – ૪

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧૬ | કંકુ | ૬૭ |
| ૧૭ | ખેતરનો ચાડિયો | ૭૪ |
| ૧૮ | સુભાષિતો | ૭૮ |
| ૧૯ | ચિત્રલેખા | ૭૯ |



ઋણ સ્વીકાર : પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં જે કવિ-લેખકની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પાઠ્યપુસ્તક મંડળ વિશેષ આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કોપીરાઈટ ધારકોના સંપર્કસૂત્ર પ્રાપ્ત થયા નથી, મંડળ તે દિશામાં કાર્યરત છે.


★ પાઠ્યપુસ્તકમાં આપેલાં ચિત્રોમાં જો રાષ્ટ્રધ્વજની રંગછટા વિસંગત જણાતી હોય તો તે તાંત્રિક મર્યાદાને કારણે છે.

## ❊ પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલા પ્રતીકો ❊


ચાલો, ગાઈએ


ચાલો, લખીએ


શિક્ષકો માટે


ચાલો, વાંચીએ


ચાલો, બોલીએ


ચાલો, વાતચીત કરીએ


ચાલો, હસીએ


સાંકેતિક ભાષા

# ૧. ભૂલું ના ભગવાન

♦ ચાલો, ગાઈએ



ભૂલું ના ભગવાન હું,
રૂડું તારું નામ;

જ્યાં ત્યાં જોતો હું તને
સઘળે તારાં કામ.

ટમટમ કરતાં તારલા,
ચાંદો સૂરજ સાથ;

અંધારું ઝટ કાપવા,
સરજાવ્યા હે નાથ!

આપી કેવી તે હવા!
બેસે નહિ કંઈ દામ,

ઝરમર કરતો મેહુલો,
પાળે જીવ તમામ,

ગાયો, ભેંશો ને વળી,
બીજાં પ્રાણી અપાર;

અમ કાજે તે સરજિયાં
ફળફૂલ અપરંપાર.

– રમણીક ઠાકર

♦ શ્રી ચિત્રભાનુ રચિત પ્રાર્થના 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' સમૂહમાં ગાઓ.
♦ એક કાર્ડપેપર પર સર્વધર્મ સમભાવ દર્શાવતી પ્રાર્થના લખો, તેની ફરતે દરેક ધર્મનાં પ્રતીકોના ચિત્રો દોરી ભીંતપત્રક તૈયાર કરો.

બાળકો પાસે સૂર-તાલ અભિનયસહ કાવ્ય ગવડાવવું. કાવ્યના આશય વિશે અનુમાન કરી સ્વભાષામાં બોલવા પ્રેરિત કરવા. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો, જોડશબ્દો, દ્વિરુક્ત શબ્દ તરફ બાળકોનું ધ્યાન દોરવું. કાવ્યના ભાવો પોતાના શબ્દોમાં રજૂ કરી, કાવ્ય વિશે સ્વમત વ્યક્ત કરવાની તક આપવી.

# ૨. કહો ને, હું શું આપું?

♦ ચાલો, ગાઈએ

મોર દેતાં પીછાં ને મોગરા સુગંધ,
દરિયા રોજ બનાવે મીઠું, નહિ રજા ના બંધ.

શેરડી દે સાકર, મગફળી દે તેલ,
ગાય, ભેંસ ને બકરીથી છે દૂધની રેલમછેલ.

ધરતી કેરી માટી કરતી ઝાઝેરાં જતન,
શાકભાજી દે સ્વાદ મજાનો, પેટ ભરતા અન્ન.

કુહૂ કુહૂ બોલે કોયલ, ઝરણાં કલકલ ગાય,
કાન માંડીને સ્હેજ, ખુશીથી આંખો મલકી જાય.

માછલીઓ ને પતંગિયાં, ભ'ઈ કેવાં સુંદર લાગે,
એની ખાલી વાત કરો ત્યાં, ઉમંગ દિલમાં જાગે.

સૂરજ દેતો તાપ ને ચાંદો હરે ઉતાપ,
તારા નભ શણગારે જ્યારે ઊતરતી અમાસ.

– મીનાક્ષી ચંદારાણા





## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.** 

(૧) તમારા મતે પ્રકૃતિનો ક્યો ઘટક આપણા માટે સૌથી વધુ ઉપયોગી છે? શા માટે?

(૨) પ્રકૃતિના તત્વોને ક્યારે રજા હોય છે?

(૩) જો સૂર્ય હડતાળ કરે તો શું થાય?

(૪) તમને રવિવારે રજા ન હોય તો તમને કેવું લાગે?

(૫) મગફળીમાંથી તેલ નીકળે છે, એ રીતે તમે બીજા શેમાંથી બનતું તેલ વાપરો છો?

**કૃતિના આધારે** 

♦ **જોડકાં જોડો (કોણ શું આપે?)**

    

સુગંધ    તેલ    પીછાં    મીઠું    સાકર

♦ **આકૃતિબંધ પૂર્ણ કરો.**



◆ નીચે 'એક શબ્દના અનેક અર્થ' આપ્યા છે. કાવ્યમાં નીચેના શબ્દો ક્યા અર્થમાં વપરાયા છે, તેની પર ✓ કરો.

(૧) તાપ - ગરમી, તડકો, તાવ

(૨) બંધ - વાસેલું, અટકેલું, હડતાળ

(૩) ખાલી - માત્ર, અંગમાં ઝણઝણાટી થવી, અમથું

(૪) રજા - છુટ્ટી પરવાનગી

(૫) મીઠું - ગળ્યું, નમક

◆ કોણ તે કહો.

| | | | |
|---|---|---|---|
| કુહૂ કુહૂ બોલે છે | - ______ | મજાનો સ્વાદ આપે છે | - ______ |
| કલકલ ગાય છે | - ______ | ઝાઝાં જતન કરે છે | - ______ |
| આકાશને શણગારે છે | - ______ | પેટ ભરે છે | - ______ |
| તડકો આપે છે | - ______ | મીઠું બનાવે છે | - ______ |
| તાપ દૂર કરે છે | - ______ | દૂધ આપે છે | - ______ |

◆ લખો.

(૧) પ્રકૃતિના બીજા ક્યા ઘટકો આપણને શું આપે છે?

(૨) તમે પ્રકૃતિને, તમારી આસપાસના લોકોને શું આપી શકો છો?

(૩) આ કાવ્યમાંથી આપણને શું બોધ મળે છે?

(૪) દૂધમાંથી શું શું બને?




દરિયામાંથી કઈ કઈ વસ્તુઓ મળે?



## ભાષિક સમજ

◆ નીચેના શબ્દમાં છુપાયેલો બીજો શબ્દ શોધીને લખો.

(૧) સૂરજ - ______ (૩) મગફળી - ______ (૫) સાકર - ______

(૨) જતન - ______ (૪) સુંદર - ______ (૬) અમાસ - ______

♦ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.

♦ રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.

(૧) ભીનો અને .................... કચરો જુદા-જુદા ડબ્બામાં નાખો.

(૨) કોઈ કામ નથી મોટું હોતું કે નથી .................... હોતું.

(૩) તમે ક્યારે .................... અને ક્યારે ગયા તે ખબર જ ન પડી.

(૪) શાળા મારા ઘરની નજીક છે. જ્યારે બગીચો .................... છે.

♦ નમૂના મુજબ વાક્ય બનાવીને લખો.

દા.ત. રીટાએ ચિત્ર દોર્યું. ઉત્તર : રીટાએ ચિત્રો દોર્યાં.

(૧) ભરતે દાખલો ગણ્યો. – ....................

(૨) આકાશે રમકડું ખરીદ્યું. – ....................

(૩) મીનાએ સંતરું ખાધું. – ....................

(૪) જોસફે કાવ્ય લખ્યું. – ....................

♦ ઉદાહરણ મુજબ કોષ્ટક પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| પીછું | પીછાં | ગાય | |
| મોગરો | | બકરી | |
| પતંગિયું | | ભેંસ | |
| માછલી | | મોર | ઢેલ |

♦ કાવ્યમાં વ્યક્ત ભાવોને પરિચ્છેદ સ્વરૂપે વર્ગમાં રજૂ કરો.

## વિશેષ કૃતિ

♦ ફલક વાંચી પ્રશ્નોના ઉત્તર લખો.

### રમત ગમત સંકુલ - પુણે

### એક રમત-એક ઈનામ સ્પર્ધા

સમય : સવારે ૬થી ૧૦

તારીખ :૧૨.૭.૨૦૨૬
વાર : રવિવાર

★ વિભાગ
- ધોરણ ૧ : લીંબુ ચમચી, સંગીત ખુરશી
- ધોરણ ૨ : કોથળાદોડ, દેડકાકૂદ
- ધોરણ ૩ : ૫૦ મીટર દોડ, લાંબો કૂદકો
- ધોરણ ૪ : ૧૦૦ મીટર દોડ, ત્રિપગી દોડ

નોંધ : એક વિદ્યાર્થી માત્ર એક સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(૧) રમત સ્પર્ધાનું આયોજન ક્યારે અને ક્યા સમયે કરવામાં આવ્યું છે?

(૨) રમતસ્પર્ધાનું આયોજન કોણે કર્યું છે?

(૩) રમત સ્પર્ધામાં ક્યા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે?

(૪) ધોરણ બીજાના વિદ્યાર્થી લાંબા કૂદકામાં શા માટે ભાગ નહિ લઈ શકે?

(૫) કઈ બાબતની નોંધ લેવાની છે?

## કલાનો કસબ

♦ તમારી નોટબુકમાં તમને ગમતા પ્રાકૃતિક ઘટકો દોરી રંગ પૂરો.

## ♦ મને ઓળખો.



છત વિનાનું છાપરું,
જે દુનિયા સઘળી ઢાંકે;
ચાંદો-સૂરજ-તારાનું ઘર,
જેને લોકો સઘળાં માને.





એક મહેમાન એવા,
સવારે આવે અને;
સાંજે પાછા જાય,
રાતે પાછા રિસાઈ જાય.





પંદર દિવસ વધતો જાય,
પંદર દિવસ ઘટતો જાય;
સૂરજની લઈને સહાય,
અજવાળાં પાથરતો જાય.





ગણ્યા ગણાય નહિ,
વીણ્યા વીણાય નહિ;
છાબડીમાં સમાય નહિ,
તો'ય મારા આભલામાં મા'ય!







ધુમાડાની ગાડી,
જેને પવન ખેંચી જાય;
પૈડાં વિનાના અધ્ધર પધ્ધર,
ઊંચે દોડી જાય.

બાળકોને સૂર-તાલ અને અભિનયસહિત કાવ્ય ગાઈ સંભાળવવું અને અભિનય સહ ગવડાવવું. બાળકો વાંચેલા સાહિત્યનો અર્થ સમજે અને આશય વિશે અનુમાન કરી પોતાની ભાષામાં વ્યક્ત કરે તે જોવું. પ્રાસયુક્ત શબ્દ, વિરોધી શબ્દ, લિંગ, વચન, ક્રિયાપદ, ફલકવાંચનનો વિશેષ મહાવરો કરાવવો. 'એક શબ્દના અનેક અર્થ' કૃતિ કરાવતી વખતે દરેક અર્થનો વાક્યમાં ઉપયોગ કરવાની કૃતિ કરાવી શકાય. જેથી કાવ્યમાં જે તે શબ્દ ક્યા અર્થમાં વપરાયો છે તે ઓળખવું વિદ્યાર્થીઓ માટે સરળ બનશે.

# ૩. કરતા હો સો કીજિયે

એક હતો કાગડો. તે રોજ નદીકાંઠે જાય અને બગલા સાથે બેસે. એમ કરતાં બંને ભાઈબંધ થયા. બગલો માછલાં પકડે અને કાગડાને ખવરાવે. બગલો નવી નવી રીતે ને નવાં નવાં માછલાં પકડે. કાગડાને તો રોજ નવાં નવાં ભોજન મળે.

**બગલો આકાશમાં ઊડે, ઊંચો ઊંચો ઊડે;**
**નીચે નજર રાખે, માછલું દેખી સરરર કરતો સરકે;**
**લાંબી ચાંચ પાણીમાં નાખે ને પગ ઊંચા કરે,**
**ને પટ દઈને માછલું પકડે ને કાંઠે આવે.**

કાગડો રોજ રોજ આ બધું જુએ, ને એનેય એમ કરવાનું મન થાય. તે મનમાં કહે – ચાલ ને, આપણેય એમ કરીએ! એમાં શી મોટી વાત છે? ઊંચે જવું, નીચે નજર રાખવી, માછલું દેખી નીચે આવવું ને ચાંચ લંબાવી પાણીમાં નાખવી, ઊંધે માથે થવું ને પગને ઊંચે રાખવા. માછલું નહિ પકડાય તો જશે ક્યાં? કાગડો તો આકાશમાં ઊડ્યો; ઊંચો ઊડ્યો પણ કાગડાભાઈ તે કેટલું ઊડે?

ત્યાં તો પાણીમાં માછલું દેખાયું. કાગડાભાઈ ઝડપ દઈને હેઠે ઊતર્યા. પગ ઊંચા રાખ્યા ને ચાંચ નીચે કરી ઝટ કરતા માછલું લેવા ગયા, પણ ત્યાં તો માછલું ખસી ગયું ને ચાંચ લીલમાં ભરાઈ ગઈ! પગ ઊંચા રહી ગયા ને ભાઈસા'બ તરફડવા માંડ્યા. ઘણી મહેનત કરે પણ માથું ઊંડું ઊંડું ઊતરતું જાય!



ત્યાં બગલો આવ્યો. બગલાને દયા આવી ને કાગડાને માંડમાંડ ખેંચીને બહાર કાઢ્યો. પછી કાગડાને બગલાએ કહ્યું – ભાઈ!

કરતા હો સો કીજિયે,
ઓર ન કીજે, કાગ!
માથું રહે શેવાળમાં
ને ઊંચા રહે બે પગ!

કાગડો તે દિવસથી સમજી ગયો ને બગલાની ચાલે ચાલવું ભૂલી ગયો.

– ગિજુભાઈ બધેકા



## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમારા મતે લોકો પોપટને પાળે છે, કાગડાને કેમ નહીં?

(૨) તમે ક્યારેય કાગડાનો માળો જોયો છે?

(૩) તમે તમારા ખાસ મિત્ર સાથે શું શું કરો છો?

(૪) તમને કાગડાની કઈ બાબત ગમે છે અને કઈ બાબત ગમતી નથી?

## કૃતિના આધારે

♦ **કહો કોણ?**

(૧) કાગડાને માછલાં ખવડાવનાર – ..........

(૨) બગલાનો ભાઈબંધ – ..........

(૩) બગલાની ચાલે ચાલનાર – ..........

(૪) રોજ નદીકાંઠે જનાર – ..........

(૫) કાગડાને બહાર કાઢનાર – ..........

## ♦ યોગ્ય પર્યાય પસંદ કરો.

(૧) કાગડો રોજ ક્યાં જાય છે? (અ) તળાવ કાંઠે (બ) નદી કાંઠે (ક) સરોવર પાળે

(૨) બગલો કેવાં માછલાં પકડે છે? (અ) રંગબેરંગી (બ) નવાં-નવાં (ક) લાલ-પીળા

(૩) કાગડાની ચાંચ શેમાં ભરાઈ ગઈ? (અ) લીલમાં (બ) ભૂંસાંમાં (ક) કાદવમાં

## ♦ બગલાની માછલાં પકડવાની રીતને યોગ્ય ક્રમ આપો.

(૧) પટ દઈને માછલું પકડી કાંઠે આવે ☐

(૨) આકાશમાં ઊંચો ઊંચો ઊડે ☐

(૩) પગ ઊંચા કરે ☐

(૪) લાંબી ચાંચ પાણીમાં નાખે ☐

(૫) નીચે નજર રાખે ☐

(૬) માછલું જોઈ સરરર સરકે ☐

## ♦ લખો.

(૧) કાગડાએ કરેલું અનુકરણ યોગ્ય હતું કે અયોગ્ય? શા માટે?

(૨) અનુકરણ અને આંધળું અનુકરણ બંનેમાં શું ફરક છે તે લખો.

(૩) બગલાએ કાગડાને શું કહ્યું? તમારા શબ્દોમાં લખો.

(૪) તમને પાઠમાં કાગડા અને બગલામાંથી કોણ ગમ્યું? શા માટે?

## ભાષિક સમજ



## ♦ કોષ્ટકમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને લખો.

કાક – ________ ગગન – ________

મિત્ર – ________ જમણ – ________

શીશ – ________ કિનારો – ________

બગ – ________ ચરણ – ________

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ | પ | કા | ભો | ભા | ણ |
| બ | ગ | લો | જ | ઈ | ચ |
| ડો | કાં | ઠો | ન | બં | મા |
| મ | આ | કા | શ | ઘ | થું |

## ♦ યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) તે મનમાં કહે – ચાલને આપણેય એમ કરીએ

(૨) એમાં શી મોટી વાત છે

(૩) ત્યાં તો પાણીમાં માછલું દેખાયું

♦ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

(૧) ભાવે સંતરાં છે મને બહુ –

(૨) સાચું જોઈએ બોલવું હંમેશા –

(૩) જ એ જીવન છે જળ –

(૪) ઉપકારી છે વૃક્ષ આપણા –

♦ અનુસ્વારના તફાવતથી થતો અર્થભેદ શબ્દકોશમાંથી શોધીને લખો.

(૧) કપ ______ કંપ ______

(૨) ખડ ______ ખંડ ______

(૩) રગ ______ રંગ ______

(૪) ગજ ______ ગંજ ______

(૫) ઘટ ______ ઘંટ ______

♦ પાઠમાં આવેલા જોડશબ્દો શોધીને લખો, તેનો વાક્યમાં ઉપયોગ કરો.

ઉદા. માંડમાંડ – મેં માંડમાંડ વજનદાર થેલો બાજુમાં મૂક્યો.

♦ નીચે આપેલ શબ્દનો જુદા જુદા સંદર્ભમાં અર્થ સમજો.

(૧) પાકું – જે કાચું ન હોય તે – ચીકુ પાકું છે.
(૨) પાકું – જમણ બની શકે એવું – સાધુને પાકું સીધું આપવું.
(૩) પાકું – દઢ, અડગ – કીડી પોતાના નિર્ણયમાં પાકી હતી.
(૪) પાકું – હોશિયાર – મોહન ગણિતમાં પાકો છે.
(૫) પાકું પાન – વૃદ્ધ માણસ – મારા દાદાજી પાકું પાન છે.
(૬) પાકો રંગ – કાયમી રંગ, ઊડી ન જાય તેવો રંગ – આ સાડીનો રંગ પાકો છે.

♦ સાચા શબ્દ ઉપર ◯ કરો.

(૧) ઘાસ/ધાસ (૩) ટુવાલ/ડુવાલ (૫) ઢળિયો/ઠળિયો
(૨) સિયાળો/શિયાળો (૪) ગડી/ઘડી (૬) છતરી/છત્રી

## વિશેષ કૃતિ

♦ આપેલાં વાક્યોને યોગ્ય ક્રમ આપીને અર્થપૂર્ણ પરિચ્છેદ તૈયાર કરો ને બોલો.

(૧) મને બહુ ચિંતા થઈ.
(૨) ગાડી સ્ટેશન પર આવી.
(૩) એટલામાં દૂરથી પ્રણવની બૂમ સંભળાઈ.
(૪) બધા યાત્રીઓ ગાડીમાંથી ઊતરી ગયાં.
(૫) પરંતુ મારો મિત્ર મને દેખાયો નહિ.

♦ શું થાય, તે કહો.

(૧) રસ્તો ઓળંગતી વખતે દોડાદોડી કરીએ તો -
(૨) છરી, ચાકુ, બ્લેડ જેવા સાધનોથી રમીએ તો -
(૩) ચાલતા વાહનમાંથી માથું કે હાથ બહાર કાઢીએ તો -
(૪) અગાશીની પાળી પર વાંકા વળીએ તો -
(૫) ઇલેક્ટ્રિક બોર્ડના કાણામાં હાથ નાખીએ તો -
(૬) રીસેસમાં વર્ગની બેન્ચ પર કૂદાકૂદ કરીએ તો -
(૭) વડીલની ગેરહાજરીમાં જાતે દવા ખાઈએ તો -
(૮) ઘરમાં ફટાકડા ફોડીએ તો -
(૯) વડીલની ગેરહાજરીમાં ગૅસ ચાલુ કરીએ તો -

## સંભાષણ

♦ તમારા સહાધ્યાયી સાથે 'સાચો મિત્ર' વિશે સંવાદ રચો.



♦ નીચે ચિત્રકથાને અંતે તેને અનુરૂપ મુદ્દાઓ આપેલા છે. તેનો ઉપયોગ કરી વાર્તા લખો.



## મુદ્દા

છોકરાનું માતા સાથે બહાર જવું – માતાની રસ્તા પર નહીં દોડવાની શિખામણ – છોકરાનું માતાનું કહ્યું ન માનવું – એક દિવસ અકસ્માત – છોકરાને ગંભીર ઈજા – બોધ – શીર્ષક

વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ અને ઉચ્ચાર સાથે, વિરામચિહ્નોની સભાનતા સહ ક્રમિક વાંચન કરાવવું. કૃતિના આશય, ઘટના-પ્રસંગ, પાત્ર વિશે પોતાનો મત વ્યક્ત કરવા પ્રેરિત કરવા. ૪થી ૫ વાક્યમાં કૃતિનો નિષ્કર્ષ રજૂ કરવાની તક આપવી. 'એક શબ્દના અનેક અર્થ' તેમજ અનુસ્વારના તફાવતથી થતા અર્થભેદનો વિશેષ મહાવરો કરાવવો.

# ૪. ઋતુઓની તકરાર

એક ઘરડો માણસ હતો. રૂની પૂણી જેવી ધોળી લાંબી દાઢી હતી. સફેદ કપડાં પહેર્યાં હતાં. રસ્તા પર એકસરખા ધીમા પગલે આગળ જઈ રહ્યો હતો. રસ્તાની બાજુમાં આવેલા એક ઝાડ નીચે ત્રણ પરીઓ અંદર અંદર ઝઘડતી હતી. તેઓ જીભ કાઢી, લાંબા હાથ કરી એકબીજાના ચાળા પાડતી હતી.

ઘરડા માણસને આવતો જોઈ ત્રણેએ કહ્યું, ''દાદા, તમે અમારો ઝઘડો પતાવશો?''

''શો ઝઘડો છે, તે તો કહો.''

એક પરી પાસે આવી. તેણે ગરમ કપડાં પહેર્યાં હતાં. તે કહે, ''હું શિયાળાની ઋતુ છું. હિમાલયની દીકરી છું. કારતક, માગશર, પોષ અને મહા આ ચાર માસ મારું રાજ્ય ચાલે છે. હું લોકોને તંદુરસ્ત બનાવું છું, તેમને ભૂખ લગાડું છું. અડદિયા જેવા પાક ખવરાવું છું. દિવસને ટૂંકો કરું છું. રાતને લાંબી કરું છું. લોકો નિરાંતે ઊંઘે છે. હું ઘઉં, કપાસ, કઠોળ પકવું છું. ઉત્તરાયણનો તહેવાર લાવું છું, પતંગના પેચ જમાવું છું. દાદા, તમે જ કહો, આ ત્રણેમાં હું જ સૌથી મોટી નથી?''



એક પરીની વાત પૂરી થઈ એટલે બીજી પરી આગળ આવી. તેણે ઝીણાં કપડાં પહેર્યાં હતાં. તે કહે, ''હું ઉનાળાની ઋતુ છું. સૂરજ દાદાની દીકરી છું. ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જેઠ આ ચાર માસ મારું રાજ્ય ચાલે છે. રાતને ટૂંકી બનાવું છું. આકાશમાંથી તાપ વરસાવું છું. પાણીની વરાળ બનાવું છું. આંબા પર કેરી લાવું છું. સૌને રસરોટલી જમાડું છું. હોળીનો તહેવાર લાવું છું. રંગે



કૃતિમાં આપેલા ચિત્રોના આધારે કૃતિના આશય વિશે અનુમાન કરી, પોતાની ભાષામાં વર્ણવવાની તક આપવી. વિવિધ ઋતુ સંબંધી પોતાના અનુભવ વર્ણવવા પ્રેરિત કરવા. પુસ્તકાલયમાંથી વિવિધ ઋતુકાવ્યો મેળવી વર્ગમાં રજૂ કરવા કહેવું.

રમાડું છું. દાદા, તમે જ કહો, સૌથી મોટી તો હું જ છું ને?''



પછી ત્રીજી પરી નજીક આવી. તેના કાળા વાળમાંથી પાણીનાં ટીપાં ટપકતાં હતાં. તે કહે, ''મારું નામ વર્ષાઋતુ છે. હું સાગર રાજાની કુંવરી છું. અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો આ ચાર માસ મારું રાજ્ય ચાલે છે. હું ચોમાસું પણ કહેવાઉં છું. આકાશે કાળી કાળી વાદળીઓ લાવું છું. વીજળીના ચમકારા લાવું છું. મેઘની ગર્જના લાવું છું. વરસાદ વરસાવી અનાજ પકવું છું. ઝાડપાન ખીલવું છું. પશુ, પક્ષી, માણસ સૌને જિવાડું છું. દિવાળીનો તહેવાર લાવું છું. સૌને આનંદ આપું છું. દાદા, તમે જ કહો, શું હું જ સૌથી મોટી નથી?''



પેલા વૃદ્ધ માણસે ત્રણે તરફ જોઈ સ્નેહથી કહ્યું, ''દેવીઓ, તમારામાં કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. તમારા એકેય વિના ચાલે તેવું નથી. તમારા ત્રણેને લીધે જ માણસો જીવે છે. પશુપંખીઓ જીવે છે. તમે ત્રણે સરખાં છો. તમારી દરેકની ઉપયોગિતા છે.''

વૃદ્ધની વાત સાંભળી ત્રણે શાંત થઈ. એકબીજીનો હાથ પકડી આનંદ કરતી ચાલી ગઈ.

♦ **શ્રી. તુષાર શુક્લ રચિત કાવ્ય 'ઋતુઓ' સમૂહમાં ગાઓ.**

♦ **કૃતિના આધારે ત્રણેય ઋતુની વિશેષતા વર્ણવતું ભીંતપત્રક તૈયાર કરો.**

વર્તમાનપત્રમાં વિવિધ ઋતુ સંબંધી છપાયેલા સમાચારના શીર્ષક વાચવા કહેવું. સમાચારના આધારે પ્રશ્નોત્તર કરવાનો મહાવરો કરાવવો. વિવિધ સમાચારનાં કાત્રણ ચોંટાડી તૈયાર કરાવેલ ભીંતપત્રક વર્ગની દિવાલ પર લગાડવું.

# ૫. મારો ભારત દેશ








♦ ચાલો, ગાઈએ



ધર્મ જુદા, ભાષા જુદી,
જુદા સૌના વેશ;
અજબ-ગજબનો ભાસે મુજને,
મારો ભારત દેશ.
ધોતી, ઝભ્ભો, સલવાર, કમીઝ,
નાંખે ખભે ખેસ;
ટોપી, પાઘડી, ફાળિયું, ઓઢણી,
બાંધે માથે કેશ.
ભૂંગો, શિકારા ને બહુમાળી,
કોઈ વસે છે નેસ;
હોકી, કબડ્ડી, ગિલ્લી-દંડો,
રમે ક્રિકેટ ને ચેસ.
શિલ્પ-સ્થાપત્ય કલા જોવા,
આવે સકલ પરદેશ;
દાલબાટી, ઊંધિયું, ઈડલી, ઢોંસા,
લસ્સી પીને એશ.
ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ,
ઊંચો તિરંગો હંમેશ;
ભારતમાતા દેવભૂમિ,
આપે 'વિશ્વશાંતિ' સંદેશ.

– સંજય બાપોદરિયા








## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમે ક્યા રાજ્યમાં રહો છો?

(૨) તમે કઈ કઈ વાનગી જમો છો? તે મૂળ ક્યા રાજ્ય/દેશની છે?

(૩) તમે ક્યા ઘરમાં રહો છો? (રહેઠાણનો પ્રકાર)

(૪) તમારા પરિસરમાં લોકો ક્યા ક્યા પહેરવેશ પહેરે છે?

(૫) ભારત દેશ વિશે તમારા વિચારો જણાવો.

### કૃતિના આધારે

♦ **ખાલી જગ્યા પૂરો.**

(૧) ધર્મ ________, ________ જુદી, જુદા સૌના ________.

(૨) ભારતમાતા ________, આપે ________ સંદેશ.

(૩) અજબ ગજબનો ભાસે મુજને મારો ________ દેશ.

♦ **કાવ્યમાં આવેલાં નામ લખી કોષ્ટક પૂર્ણ કરો.**

| પહેરવેશ | દિશા | વાનગી | રમત | રહેઠાણ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

♦ **લખો.**

(૧) કવિને ભારત દેશ કેવો લાગે છે?

(૨) ભારત કેવી ભૂમિ છે?

(૩) ભારત શેનો સંદેશ આપે છે?

(૪) પરદેશના લોકો ભારતમાં શું જોવા આવે છે?

♦ **કાવ્યમાં આવેલા જોડાક્ષરયુક્ત શબ્દો સાંભળો અને લખો.**

________ ________ ________ ________ ________

♦ રાજ્યને તેના પ્રસિદ્ધ ખોરાક સાથે જોડો.

| | |
|---|---|
| (૧) મહારાષ્ટ્ર | ઢોકળા, જલેબી, ફાફડા |
| (૨) તમિળનાડુ | મકાઈના રોટલા, સરસવનું શાક |
| (૩) પશ્ચિમ બંગાળ | ઈડલી, ઢોંસા |
| (૪) રાજસ્થાન | પૂરણપોળી, વડાપાંઉ, થાલીપીઠ |
| (૫) બિહાર | દાલબાટી, ચૂરમું |
| (૬) પંજાબ | રસગુલ્લા, સંદેશ |
| (૭) ગુજરાત | લિટ્ટીચોખા |

## ભાષિક સમજ



♦ નીચેના વાક્યોમાં રેખાંકિત શબ્દો જુઓ.

મેહુલ <u>હોશિયાર</u> છોકરો છે.(કેવો છોકરો?)

મુંબઈ <u>મોટું</u> શહેર છે. (કેવું શહેર?)

સ્મિતા <u>ડાહી</u> દીકરી છે. (કેવી દીકરી?)

જે શબ્દ વિશેષતા દર્શાવે તેને વિશેષણ કહેવાય છે અને જેની વિશેષતા દર્શાવે તે વિશેષ્ય કહેવાય છે. ઉપરના વાક્યોમાં હોશિયાર–મેહુલની, મોટું–શહેરની, ડાહી–દીકરીની વિશેષતા દર્શાવે છે. માટે તે વિશેષણ છે અને મેહુલ, સ્મિતા, શહેર, વિશેષ્ય છે.

♦ 'ખભે નાખવાનું વસ્ત્ર' આ શબ્દસમૂહ માટે કાવ્યમાં 'ખેસ' શબ્દ વપરાયો છે. એ જ રીતે નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) કંદ અને લીલોતરીથી બનતું શાક – ..........

(૨) ભરવાડોએ જંગલમાં બાંધેલાં ઝૂંપડાં – ..........

(૩) માથા પર પહેરાતો પહેરવેશ – ..........

(૪) ત્રણ રંગવાળો ભારતનો રાષ્ટ્રધ્વજ – ..........

♦ યોગ્ય વિરામચિહ્નો આપો.

(૧) હોકી કબડ્ડી ગિલ્લી-દંડો રમે ક્રિકેટ ને ચેસ

(૨) દાલબાટી ઊંધિયું ઈડલી ઢોંસા લસ્સી પીને એશ

(૩) ટોપી પાઘડી ફાળિયું ઓઢણી બાંધે માથે કેશ

♦ યોગ્ય પર્યાય પસંદ કરી જોડશબ્દ પૂર્ણ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) રમત – ( ) | (અ) જમાત | (બ) રમવું | (ક) ગમત | (ડ) લંગડી |
| (૨) આગળ – ( ) | (અ) ઉપર | (બ) પાછળ | (ક) નીચે | (ડ) બાજુ |
| (૩) શાક – ( ) | (અ) ભાજી | (બ) પાંદડું | (ક) છાસ | (ડ) પાણી |
| (૪) દેશ – ( ) | (અ) ગામ | (બ) શહેર | (ક) વિદેશ | (ડ) ભારત |
| (૫) ખબર – ( ) | (અ) સમાચાર | (બ) પત્ર | (ક) મુસીબત | (ડ) અંતર |

## સંભાષણ

♦ કાવ્યના આધારે 'મારો ભારત દેશ' વિશે વર્ગમાં એક નાનું ભાષણ/વક્તવ્ય રજૂ કરો.

♦ ભારતમાં ઉજવાતા જુદા જુદા તહેવાર, ઉત્સવ વિશે માહિતી મેળવી વર્ગમાં રજૂ કરો.

♦ પુસ્તકાલયમાંથી અન્ય દેશભક્તિના કાવ્યો મેળવી સમૂહમાં ગાઓ.

## વિશેષ કૃતિ

♦ નીચેનો ગદ્યાંશ વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો. ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો.

દરેક દેશને પોતાનો રાષ્ટ્રધ્વજ હોય છે. આપણા ભારત દેશનો રાષ્ટ્રધ્વજ ત્રિરંગો છે. કેસરી, સફેદ અને લીલો – આ તેના ત્રણ રંગો છે. કેસરી રંગ વીરતાનું પ્રતીક છે. સફેદ રંગ શાંતિનું પ્રતીક છે. લીલો રંગ હરિયાળીનું પ્રતીક છે. લીલો રંગ આપણો દેશ ખેતીપ્રધાન છે તે સૂચવે છે. સફેદ રંગની વચ્ચે આવેલું અશોકચક્ર આપણને ૨૪ કલાક કાર્યશીલ રહેવાનું કહે છે. આમ આપણો રાષ્ટ્રધ્વજ વીરતા, શાંતિ અને હરિયાળીનું પ્રતીક છે.

| | | | |
|---|---|---|---|
| (૧) લીલો રંગ શું સૂચવે છે? | (અ) વીરતા | (બ) શાંતિ | (ક) હરિયાળી |
| (૨) સફેદ રંગની વચ્ચે શું આવેલું છે? | (અ) તારા | (બ) અશોકચક્ર | (ક) ચરખો |
| (૩) ક્યો રંગ શાંતિનું પ્રતીક છે? | (અ) લીલો | (બ) સફેદ | (ક) કેસરી |
| (૪) આપણા દેશનો રાષ્ટ્રધ્વજ કેવો છે? | (અ) ત્રિરંગો | (બ) પંચરંગી | (ક) રંગબેરંગી |
| (૫) રાષ્ટ્રધ્વજમાં ક્યો રંગ વીરતાનું પ્રતીક છે? | (અ) સફેદ | (બ) લીલો | (ક) કેસરી |
| (૬) ૨૪ કલાક કાર્યશીલ રહેવાનું કોણ સૂચવે છે? | (અ) અશોકચક્ર | (બ) કેસરી રંગ | (ક) લીલો રંગ |

♦ તમારી શાળામાં ક્યા ક્યા દિનવિશેષની ઉજવણી કરવામાં આવે છે? તે વિશે ભીંતપત્રક તૈયાર કરો.

| દિનવિશેષ | ક્યારે ઉજવવામાં આવે છે? | વિશેષતા |
|---|---|---|
| | | |

♦ પુસ્તકાલય, ઈ-લાયબ્રેરી અથવા શિક્ષક-વાલીના માધ્યમથી ભૂંગો, શિકારા, નેસ વિશે વિશેષ માહિતી મેળવો.

♦ ભારતના મહાન નેતાઓ અને તેમણે આપેલા સૂત્ર વિશે જાણીએ.



**લોકમાન્ય ટિળક**

"સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ રહીશ"



**સુભાષચંદ્ર બોઝ**

"તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દુંગા"



**લાલ બહાદુર શાસ્ત્રી**

"જય જવાન, જય કિસાન"

**ભારતની શાન**











સ્માર્ટ ફોનમાં ઉપર આપેલા ફોટાને સ્કેન કરી તે વ્યક્તિ અને તેમની ઉપલબ્ધિઓ વિશે ગુજરાતીમાં માહિતી મેળવો.



બાળકોને 'શબ્દસમૂહ માટે એક શબ્દ', 'વિશેષણ-વિશેષ્ય'નો વિશેષ મહાવરો કરાવવો. વર્તમાનપત્રમાં સ્વાતંત્ર્યદિન નિમિત્તે પ્રકાશિત સમાચાર વાંચી, વર્ગમાં સહાધ્યાયીને વાંચી સંભળાવવા તેમ જ જોડીમાં તે સમાચાર વિશે પ્રશ્નોત્તર કરવા પ્રેરિત કરવા.

♦ આવો, ભારતના વિવિધ રાજ્યો વિશે જાણીએ. તમારા સહાધ્યાયી સાથે અહીં આપેલા રાજ્યો વિશે તમે જાણતા હો તે માહિતીનું આદાન-પ્રદાન કરો.


આસામ


બિહાર


છત્તીસગઢ


હરિયાણા


હિમાચલ પ્રદેશ


ઝારખંડ


કેરળ


મધ્ય પ્રદેશ


મહારાષ્ટ્ર


નાગાલેન્ડ


ઓડિશા


પંજાબ



મેઘાલય



મણિપુર



ઉત્તર પ્રદેશ



ઉત્તરાખંડ



તમિળનાડુ



તેલંગણા



મિઝોરમ



કર્ણાટક



ગુજરાત



અરૂણાચલ પ્રદેશ



આંધ્ર પ્રદેશ



સિક્કિમ



રાજસ્થાન



ત્રિપુરા



ગોવા



પશ્ચિમ બંગાળ

# ૬. બાળકને દૂધ મળ્યું

એક બાળક દૂધ પીધા વગર સૂઈ ગયું. માએ બાળક માટે દૂધ ઢાંકીને રાખી મૂક્યું. એના ઝૂંપડાંમાં એક દરમાં એક ઉંદર રહેતો હતો. તે પોતાના દરમાંથી બહાર આવ્યો. તેની દોડાદોડીને કારણે દૂધનું વાસણ ઊંધું થઈ ગયું ને દૂધ ઢોળાઈ ગયું. બાળક જાગ્યું અને ભૂખને કારણે રડવા લાગ્યું. ઘરમાં બીજું દૂધ નહોતું. ઉંદર બાળકની મા પાસે આવ્યો અને કહ્યું, ''હું હમણાં દૂધ લાવું છું.''





ઉંદર દોડતો-દોડતો ગાય પાસે ગયો. કહે, ''ગાય મને દૂધ આપ, બાળક રડે છે.'' ગાય બોલી, ''મને ઘાસ નથી મળતું, હું પોતે દૂબળી થઈ ગઈ છું. તું ઘાસ લાવ, તો હું તને દૂધ આપું.''



ઉંદર દોડતો ઘાસના મેદાન પાસે જઈને બોલ્યો, ''મેદાન, મેદાન, મને ઘાસ આપ. હું ગાયને ઘાસ આપીશ. ગાય મને દૂધ આપશે, દૂધ હું બાળકને આપીશ. બાળક હસવા લાગશે.'' ''હું તને ઘાસ ક્યાંથી આપું? મને પાણી જ મળતું નથી. મને પાણી આપ તો હું તને ઘાસ આપું.''

ઉંદર દોડતો-દોડતો નદી પાસે ગયો અને પાણી માંગ્યું. નદી કહે, ''હું તને પાણી ક્યાંથી આપું? હું પોતે સૂકાઈ ગઈ છું. પર્વતને કહે, મને પાણી આપે.'' ઉંદર દોડતો-દોડતો પર્વત પાસે પહોંચ્યો અને પાણી માંગ્યું. પર્વત કહે, ''માણસોએ અમારાં બધાં ઝાડ કાપી નાખ્યાં છે. ઝાડ હતાં, તો પાણીને રોકી રાખતાં. એનાં મૂળ માટીને પકડી રાખતાં. અમે ક્યાંથી પાણી આપીએ? ઉંદરે કહ્યું,''હું એ બાળક વતી વચન આપું છું કે, એ મોટો થઈને હજાર વૃક્ષ વાવશે અને તમે ફરી લીલાંછમ થઈ જશો.''





પર્વતે પાણી છોડ્યું. નદી ભરાણી. એણે મેદાનને પાણી આપ્યું. મેદાનમાં ઘાસ ઊગ્યું. ગાયને ઘાસ મળ્યું. ગાયે દૂધ આપ્યું. દૂધ લઈને ઉંદર ઝૂંપડીમાં પહોંચ્યો. બાળકને દૂધ પીવડાવ્યું. બાળક હસવા લાગ્યું. મોટા થઈને તેણે વૃક્ષો વાવવાનું વચન નિભાવ્યું.

– વિદ્યાનિવાસ મિશ્ર

(અનુવાદિત કૃતિ)

## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમે સવારથી સાંજ સુધી જે જે વસ્તુઓ વાપરો છો તેની યાદી બનાવો.

(૨) આ વસ્તુઓ કોણ પૂરી પાડે છે?

(૩) જો વૃક્ષ ન હોય તો શું થાય?

(૪) જો પાણી ન હોય તો શું તકલીફ પડે?

## ♦ ઉંદર જેની પાસે જે ક્રમે ગયો તે ક્રમથી જોડો.



## ♦ નીચેના વાક્યો કોણ કહે છે તે લખો.

(૧) મને પાણી જ મળતું નથી. – ..................

(૨) હું પોતે દૂબળી થઈ ગઈ છું. – ..................

(૩) હું હમણાં દૂધ લાવું છું. – ..................

(૪) હું પોતે સૂકાઈ ગઈ છું. – ..................

(૫) માણસે બધાં ઝાડ કાપી નાખ્યાં છે. – ..................

## ♦ કહો કોણ?

(૧) દૂધને ઢાંકી રાખનાર – ..................

(૨) દૂધ માટે રડનાર – ..................

(૩) બધાં ઝાડ કાપી નાખનાર – ..................

(૪) બાળક વતી વૃક્ષ વાવવાનું વચન આપનાર – ..................

## ♦ ઉંદરે નીચેના પાસેથી શું માંગ્યું તે લખો.



..................



..................



..................



..................

♦ ખાલી જગ્યા પૂરો.

(૧) ઝાડનાં ______ માટીને પકડી રાખતાં.

(૨) મોટાં થઈને તેણે વૃક્ષો વાવવાનું ______ નિભાવ્યું.

(૩) દોડાદોડીને કારણે દૂધ ______ ગયું.

(૪) ઝૂપડામાં એક ______ માં એક ઉંદર રહેતો હતો.

♦ લખો.

(૧) પર્વતે પાણી છોડતાં શું થયું? (૨) વૃક્ષ શા માટે જરૂરી છે?

## ભાષિક સમજ



♦ યોગ્ય વિરામચિહ્ન મૂકો.

(૧) નદી કહે પાણી ક્યાંથી આપું તને

(૨) ગાય મને દૂધ આપ બાળક રડે છે

(૩) મેદાન મેદાન મને ઘાસ આપ

♦ ઉદાહરણ મુજબ કોષ્ટક પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| ગૃહસ્થ | ગૃહિણી | બાળક | |
| રાજા | | મા | બાપ |
| માળી | | ઉંદર | |
| ભાઈ | | કુમાર | |

♦ ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો. મીઠું – મીઠાશ

પીળું – ______ કડવું – ______ રાતું – ______

ખારું – ______ હળવું – ______ કાળું – ______

લાલ – ______ ખાટું – ______ મીઠું – ______

♦ ધ્યાનમાં રાખીએ.

| સાચા શબ્દો | ખોટા શબ્દો | સાચા શબ્દો | ખોટા શબ્દો |
|---|---|---|---|
| ગુરુ | ગુરૂ | તથા | ત્થા |
| ઘૃણા | ધૃણા | દૃઢ | દ્રઢ |
| જયેશ | જયેષ | દૃષ્ટિ | દ્રષ્ટિ |
| શૈલેશ | શૈલેષ | દૃશ્ય | દ્રશ્ય |
| સતીશ | સતીષ | દૃષ્ટાંત | દ્રષ્ટાંત |

## સંભાષણ

♦ તમારી અને વૃક્ષ વચ્ચે થતો સંવાદ લખો.



♦ આપેલા મુદ્દાને ધ્યાનમાં રાખીને વાર્તા તૈયાર કરી વર્ગખંડમાં કહો.

જંગલમાં એક પારધીએ કબૂતરોને પકડવા દાણા વેરવા – ઉપર જાળ બિછાવવી – કબૂતરનાં ટોળાનું દાણા જોઈને નીચે ઊતરવું – જાળમાં સપડાઈ જવું – દરેકનો ઊડવા પ્રયત્ન કરવો – નિષ્ફળ જવું – સરદારની સલાહ – બધાનું એક સાથે જોર કરીને ઊડવું – સફળતા.

♦ શાળાના પુસ્તકાલયમાંથી બીજી અનુવાદિત કૃતિઓ મેળવીને વાંચો. તેમાંથી ગમતો ભાગ વર્ગમાં કહી સંભળાવો.

## વિશેષ કૃતિ

♦ 'વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો' જેવા બીજા ઘોષવાક્ય બનાવો.

♦ તમારી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરો.

♦ નીચેની સૂચનાઓ તમને ક્યાં વાચવા મળે છે, તે લખો.

૧) શાંતિ જાળવો. – ........................

૨) કચરો કચરાપેટીમાં નાંખો – ........................

♦ સાર્વજનિક બગીચામાં મૂકવા માટે ત્રણ સૂચનાફલક તૈયાર કરો.

★ સૂચનાફલક ★

........................





★ સૂચનાફલક ★

........................

★ સૂચનાફલક ★

........................



♦ જોડીમાં શાળાના પુસ્તકાલયમાં, સંગણક કક્ષમાં, વર્ગમાં, શાળાના મેદાનમાં મૂકવા માટે સૂચના ફલક તૈયાર કરો.



કૃતિ સમજાવવાની શરૂઆત કરતાં પહેલા કૃતિનું વાંચન કરાવવું. કૃતિના વાંચન અને કૃતિમાં આપેલા ચિત્રોના આધારે કૃતિના આશયનું અનુમાન કરી સ્વભાષામાં વ્યક્ત કરવા બાળકોને પ્રેરિત કરવા. પ્રસ્તુત કૃતિ વિશે જૂથમાં ચર્ચા કરવા, કૃતિમાં ઘટેલી ઘટના-પ્રસંગ વિશે પોતાનો મત વ્યક્ત કરવા, કૃતિના સંદર્ભમાં પોતાનો અનુભવ વ્યક્ત કરવા, કૃતિનો સારાંશ વર્ણવવા પ્રેરિત કરવા. જોડણીના તફાવતથી થતા અર્થભેદ તરફ બાળકોનું ધ્યાન દોરવું. બાળકોને શુદ્ધલેખન કરવા તેમજ સાચી જોડણી પર વિશેષ ભાર આપવા પ્રેરિત કરવા.

# ૭. માથું

આપણને સૌને એક માથું હોય છે. માથા વગરનો કોઈ માનવી હોઈ ન શકે. પણ કોઈ માણસ બહુ જ અભિમાની હોય ત્યારે આપણે તેને 'બે માથાનો' કહીએ છીએ; જો કે તેને ખરેખર બે માથાં હોતાં નથી. માથું તો એક જ હોય ને? નાનું છોકરું પણ 'માથું' શબ્દ સાંભળે એટલે તરત જ પોતાના માથા પર હાથ મૂકવાનું.

દર વખતે 'માથું' શબ્દનો અર્થ આપણા ધડ પર આવેલું બે આંખ, બે કાન અને એક નાકવાળું માથું એવો નથી થતો. આ માથું શબ્દ કેટલી જુદી-જુદી રીતે આપણે બોલીએ છીએ તે જોઈએ.

કેટલાકને એવી ટેવ હોય છે કે નાની-નાની વાતમાં વારે ઘડીએ કંઈને કંઈ પૂછ્યા જ કરે. આપણી પાસે વારે-વારે આવીને કંઈક ને કંઈક માંગ્યા જ કરે! ''આ શું છે?'', ''આ બટન તે કેટલાનાં લીધાં?'', ''ક્યાંથી લીધાં?'', ''આવાં બટન કેમ લીધાં?'', ''મને એક પેન આપ ને!'', ''તું આજે સવારે ક્યાં જતો હતો?'' આમ, બહુ લપ કરે ત્યારે કંટાળીને તમે શું કહો? ''હવે આઘો રહે ને! માથું ખા મા ને?'' હવે ખરું જોતાં કાંઈ તે છોકરો પોતાના મોઢામાં આપણું માથું લઈને તરબૂચની જેમ ખાતો નથી હોતો. પણ એમ છતાં આપણે આવા છોકરાને આમ કહીએ છીએ.




કોઈ વાર આપણે જતાં હોઈએ ને કોઈ જગ્યાએ ખૂબ વાસ આવતી હોય ત્યારે આપણાથી બોલી જવાય છે, ''અરરર! આ

વાસથી તો મારું માથું ફાટી જાય છે.''

કોઈ વાર બે માણસો વાતો કરતા હોય ત્યાં વચ્ચે આવીને કોઈ પોતાની વાત કરવા માંડે તે માણસ માટે એમ કહેવાય કે એને બીજાની વાતમાં 'માથું મારવાની' ટેવ છે.

બહાદુર માણસો જ્યારે પોતાની જાતનું જોખમ વહોરીને બીજાને બચાવવા નીકળી પડે ત્યારે આપણે કહીએ છીએ કે 'માથું મૂકીને' એ માણસ લડવા ઊપડ્યો.

આપણું હડહડતું અપમાન થાય એવું કોઈ બોલે તો તે આપણને 'માથાનો ઘા' લાગે છે.

કોઈ વડીલનું કહેવું આપણે 'માથે ચડાવીએ' છીએ તે વખતે કંઈ ખરેખર આપણે તેના બોલેલા શબ્દોનું પોટલું લઈને માથે મૂકતા નથી.

આમ આ 'માથું' શબ્દ આપણે જુદા-જુદા અર્થોમાં વાપરીએ છીએ.

એક ટૂંકી વાર્તા લખીએ:

એક ગામમાં એક માથાભારે માણસ હતો. તેના માથામાં રાઈ ભરી હતી કે તેને કોણ કહેનાર છે! તેના ત્રાસથી આખા ગામનું માથું પાકી ગયું હતું. એક વખત આખા ગામના આગેવાન ભેગા મળ્યા ને તેમણે વિચાર કર્યો કે આનું માથું ભાંગે તેવો કોઈ માનવી આ ગામમાં છે કે નહિ? આખરે એક માણસે આ માથાભારે માણસને પાઠ ભણાવવાનું માથે લીધું.



આમ, વાર્તા આગળ ચલાવી શકાય, પણ તો પછી પાઠ લાંબો થઈ જાય. તમને કોઈને મન થાય તો આવી રીતે વાર્તા લખી શકો.

જેમ આ 'માથું' શબ્દ છે, તેવા જ બીજા ઘણા શબ્દો છે : 'પગ', 'હાથ', 'પાણી', 'ઘર' વગેરે. જેમ કે, કોઈ પરીક્ષામાં નાપાસ થાય તો કહે, ''મારી બધી મહેનત પાણીમાં ગઈ.''

તમે બધા ભેગા બેસીને આવા શબ્દો શોધવાની ને તેનાં વાક્યો બનાવવાની રમત રમો. બહુ મજા આવશે અને તમને થશે કે આ એક જ શબ્દ કેવું જુદું-જુદું રૂપ ધારણ કરે છે! શબ્દોમાં પણ કેવો જાદુ છે !

**– મૂળશંકર મો. ભટ્ટ**



પ્રસ્તુત કૃતિના માધ્યમથી વિદ્યાર્થીઓને રૂઢિપ્રયોગ વિશે સરળ શબ્દોમાં સમજૂતી આપવી. રૂઢિપ્રયોગ ભાષાની વિશેષતા છે, જે અભિવ્યક્તિને સશક્ત બનાવે છે તે જણાવવું. શરીરના અન્ય અંગો સંબંધી રૂઢિપ્રયોગો વિશે માહિતી આપવી.

# ૮. નાનો - મોટો

♦ ચાલો, ગાઈએ

તું નાનો, હું મોટો -
એવો ખ્યાલ જગતનો ખોટો;
આ નાનો, આ મોટો -
એવો મૂરખ કરતા ગોટો.

ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથીયે
લોટો લાગે મોટો.

નાના છોડે મહેકી ઊઠે
કેવો ગુલાબગોટો!
ઊંચા-ઊંચા ઝાડે તમને
જડશે એનો જોટો?

મન નાનું તે નાનો,
જેનું મન મોટું તે મોટો.

- પ્રેમશંકર ભટ્ટ



## ચાલો, કૃતિ કરીએ

### ♦ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) તમે ક્યારેય દરિયાનું પાણી ચાખ્યું છે? કેવું હોય?

(૨) દરિયાનું પાણી ખારું શાથી હોય છે?

(૩) આપણને તરસ લાગે ત્યારે શું પીએ છીએ?

(૪) મીઠું પાણી ક્યાંથી મળે છે?

(૫) દેખીતી રીતે નાનાં હોવા છતાં મહત્વનાં હોય તેવાં, તમે જાણતાં હો તેવાં ઉદાહરણ આપો.

## કૃતિના આધારે

### ♦ કોણ તે કહો.

(૧) નાના-મોટાનો ગોટાળો કરે તે – ____

(૨) મીઠા જળના લોટાને દરિયાથી મોટો લાગે તે – ____

(૩) તું નાનો, હું મોટો એવો જેનો ખ્યાલ છે તે – ____

(૪) ઊંચા ઝાડ પર જેનો જોટો જડતો નથી તે – ____

### ♦ યોગ્ય જોડકાં જોડો.

| | |
|---|---|
| (૧) જેનું મન નાનું તે | (અ) દરિયો |
| (૨) ખારા જળથી ભરિયો છે | (આ) નાનો |
| (૩) જેનું મન મોટું તે | (ઇ) લોટો |
| (૪) મીઠા જળથી ભરિયો છે | (ઈ) મોટો |

### ♦ કાવ્યમાં ‘‘ગોટો’ શબ્દ ક્યા ક્યા અર્થમાં વપરાયો છે?

....................................................................

♦ લખો.

(૧) કેવા માણસને લોકો મોટો ગણે છે?

(૨) ગુલાબગોટો ક્યાં મહેકી ઊઠે છે?

(૩) કવિ ક્યા ખ્યાલને ખોટો ગણાવે છે?

(૪) તરસ્યાને મીઠા જળનો લોટો મોટો શા માટે લાગે છે?

(૫) ખરા અર્થમાં નાનું કોણ છે?

(૬) કાવ્યમાં દેખાવમાં નાના હોવા છતાં મહત્વના હોય, તે વાત ક્યા દૃષ્ટાંતો દ્વારા સમજાવી છે?

(૭) તમારા મતે મોટું કોણ છે?

## ભાષિક સમજ



♦ શબ્દકોશમાંથી નીચેના શબ્દના અર્થ શોધીને લખો.

(૧) જોટો –                (૩) મૂરખ –

(૨) ગોટો –                (૪) જડવું –

♦ કોષ્ટકમાંથી નમૂના મુજબ શબ્દ શોધી લખો. દા.ત. ડાહ્યો-ગાંડો.

(૧) નાનો –

(૨) ઊંચો –

(૩) ખારું –

(૪) મૂરખ –

| | | | | |
|---|---|---|---|---|
| કા | હા | શા | ણો | ઠું |
| મો | ળું | ટો | ડો | મી |
| ટો | લો | ની | ચો | બો |

♦ કાવ્યમાંથી વિશેષતા દર્શાવતા શબ્દો શોધીને લખો.

♦ નીચેના કોષ્ટકમાંથી યોગ્ય શબ્દ લઈ અર્થપૂર્ણ વાક્ય બનાવો.

| | | |
|---|---|---|
| બાળક | રમતા | હતું |
| છોકરાઓ | ચાલતી | હતા |
| લીલા | દોડતો | હતી |
| રાહુલ | રડતું | હતો |

♦ નીચે જોડ શબ્દનો એક ભાગ આપ્યો છે. તેના બીજા ભાગનો યોગ્ય પર્યાય (  ) માં લખો.

(૧) દૂધ : (  ) (અ) પાઉં (બ) દહીં (ક) માખણ (ડ) છાશ

(૨) ધન : (  ) (અ) પૈસા (બ) રૂપિયા (ક) સંપત્તિ (ડ) દોલત

(૩) આગતા : (  ) (અ) સત્કાર (બ) વિદાય (ક) આવકાર (ડ) સ્વાગતા

(૪) એકલ : (  ) (અ) એકલો (બ) એકાદ (ક) દોકલ (ડ) ઘણા

## વિશેષ કૃતિ

♦ નીચેનો સંવાદ વાંચી આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો.

**અજય** : વિજય, જો આ ગાડીનો પાટો બેસી ગયો હોય એવું લાગે છે.

**વિજય** : અરે! કોઈએ પાટાના ખીલા કાઢી નાખ્યા હોય એવું લાગે છે.

**અજય** : હમણાં જ મુંબઈ જતી ગાડી આવશે અને પાટા પરથી ઊતરી પડશે તો?

**વિજય** : તો, તો મોટો અકસ્માત થશે!

**અજય** : દોસ્ત, મને એક યુક્તિ સૂઝી છે. તે પહેરેલું આ લાલ ખમીસ કાઢી નાંખ, ગાડી આવતી લાગે છે. તારું ખમીસ વાવટાની જેમ ફરકાવવા માંડ.

**વિજય** : હાશ... ગાડી ઊભી રહી ખરી.

**મોટરમેન** : અલ્યા તોફાનીઓ, આમ પાટાની વચ્ચે કેમ ઊભા છો?

**વિજય** : કાકા, પેલા પાટા સામે તો જુઓ. મેં લાલ ખમીસ ન બતાવ્યું હોત તો મોટો અકસ્માત થાત.

**મોટરમેન** : (પાટા જોઈને) શાબાશ! તમારી હિંમતને ધન્ય છે! ખરેખર તમે બહાદુર છો.

**પ્રશ્ન**

(૧) આ સંવાદ ક્યા સ્થળે થયો હતો?

(૨) પાટો બેસી જાય તો શું થાય?

(૩) ગાડી ઊભી રખાવવા બાળકોએ શું કર્યું?

(૪) ગાડી ઊભી રખાવવા બદલ ડ્રાઈવરે બાળકોને શું કહ્યું?

(૫) નાના બાળકોએ કરેલા મોટા કામનું કોઈ બીજું ઉદાહરણ તમે જાણતા હો તો કહો.

♦ આપેલાં વાક્યોને યોગ્યક્રમ આપીને અર્થપૂર્ણ પરિચ્છેદ તૈયાર કરો.

(૧) બાળકોએ સુંદર ભાષણ કર્યાં.
(૨) આશીર્વાદ સમારંભનો દિવસ હતો.
(૩) અમે ખૂબ આનંદમાં હતાં.
(૪) શિક્ષકોએ આશીર્વચન કહ્યા.
(૫) શાળામાં નાસ્તો આપવામાં આવ્યો.
(૬) બાળકોએ સુંદર ગીતો ગાયાં.
(૭) છૂટાં પડતાં સુખદુ:ખનો અનુભવ થયો.

♦ તમને ખૂબ જ તરસ લાગી હોય તો તમે નીચેનામાંથી શું પીશો?




## સંભાષણ

♦ કાવ્યમાંથી મળતા સંદેશને પથી ૬ વાક્યમાં લખી વર્ગમાં રજૂ કરો

## મારી કલમે

♦ તરસી વ્યક્તિ, મીઠાં પાણીના લોટા અને ખારાં પાણીના ઘડા વચ્ચે શું સંવાદ થયો તેની કલ્પના કરીને લખો.



## ♦ શબ્દકોયડો

મિત્રો, આ શબ્દકોયડાના ઉકેલમાં આવતા બધા જ શબ્દો 'દ' અને તેની બારાખડીથી જ શરૂ થાય છે. આડી અને ઊભી ચાવી પ્રમાણે શબ્દો ભરતા જાઓ અને મગજની કસરત કરતાં જાઓ.

**આડી ચાવી :**

(૧) આપણે .... બે વાર બ્રશ કરવું જોઈએ.

(૨) કૃષ્ણનું એક નામ

(૫) કાર્યમાં નિપુણ હોય તેવા લોકો

(૬) હિંમતનો પર્યાયવાચી શબ્દ

(૭) ગણિતમાં તો આ ગણવા જ પડે

(૮) વરસાદ ન પડે ત્યારે પડે

(૧૦) એક કહેવત : .... તેવી બરકત

(૧૧) બાઉન્ડ્રી બહાર જાય તો ચાર રન મળે

(૧૨) ખાંડણીનો સાથીદાર

**ઊભી ચાવી :**

(૧) ઉત્તરની સામેની દિશા

(૨) દાન આપે તેને કહેવાય

(૩) જેવા હોઈએ તેવા જ દેખાડે

(૪) રાસ રમવા આ તો જોઈએ જ

(૫) ચમડી તૂટે પણ ...... ન છૂટે

(૭) વાનગી ઉપર આના દાણા ભભરાવાય

(૮) જગત, વિશ્વનો સમાનાર્થી શબ્દ

(૯) રોજનું વર્તમાન પત્ર

(૧૦) રમતમાં આપવો નહિ, લેવો જ ગમે

(૧૧) ઉંદર, કીડી, સાપનું ઘર

(૧૨) માંદા માણસો આ ખાવાથી સાજા થાય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | ૨ | | ૩ | | |
| | | | | | | | | | ૪ |
| | | ૫ | | | | | | | |
| | ૬ | | | ૭ | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | ૮ | | |
| | | | | | | | | | |
| ૯ | | ૧૦ | | | | | | | |
| | | | | | ૧૧ | | | ૧૨ | |
| | | | | | | | | | |

બાળકો પાસે સૂર-તાલ અભિનયસહિત કાવ્ય ગવડાવવું. કાવ્યના આશય વિશે અનુમાન કરી સ્વભાષામાં બોલવા પ્રેરિત કરવા. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો, જોડશબ્દો, દ્વિરુક્ત શબ્દ તરફ બાળકોનું ધ્યાન દોરવું. કાવ્યના ભાવો પોતાના શબ્દોમાં રજૂ કરવાની, કાવ્ય વિશે પોતાનો મત વ્યક્ત કરવાની તક આપવી. બાળકોને જાતે આવા શબ્દકોયડા, ભાષિક રમત તૈયાર કરવા પ્રેરિત કરવા.

# ૯. એક નાનો છોકરો

સ્કૂલના બધા વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં ભેગા થયા.

પ્રાર્થના પછી સ્કૂલના આચાર્યે કહ્યું, ''કાલે આપણે પ્રાર્થના પછી એક ચર્ચા રાખીશું. પરીક્ષામાં વધારે ગુણ કેવી રીતે મેળવી શકાય તે અંગે દરેકે વાત કરવાની છે. ફક્ત એક-બે વાક્યમાં તમારી વાત કહી દેવાની છે. બધા વિદ્યાર્થીઓ આ અંગે ઘેરથી વિચારીને આવે. સારાં સૂચન કરનાર વિદ્યાર્થીને ઈનામ પણ આપીશું.''

બીજા દિવસે પ્રાર્થના પછી આચાર્યે કહ્યું, ''હવે આપણે શરૂ કરીએ. બધાં વારાફરતી પોત-પોતાની વાત કહેવા માંડો.''

એક વિદ્યાર્થીએ કહ્યું, ''સારા ગુણ મેળવવા માટે રાત-દિવસ ખૂબ વાંચવું જોઈએ.''

બીજા વિદ્યાર્થીએ કહ્યું, ''સારા ગુણ મેળવવા માટે રમવાનું છોડીને આખો દિવસ સ્કૂલની ચોપડીઓ વાંચવી જોઈએ.''

ત્રીજા વિદ્યાર્થીએ કહ્યું, ''ટીવીથી દૂર રહીશું તો ભણવામાં વધારે ધ્યાન આપી શકીશું અને ગુણ પણ સારા મેળવી શકીશું.''

ચોથા વિદ્યાર્થીએ કહ્યું, ''આપણાં મા-બાપ જ્યારે ભણવા માટે કહે ત્યારે એમનું કહેવું માનીને ભણવા બેસવું જોઈએ.''

પાંચમાં વિદ્યાર્થીએ કહ્યું, ''શાળામાં ભણવાના પિરિયડ વધારે હશે તો આપણે શીખી શકીશું. ગુણ પણ સારા મેળવી શકીશું.''

છઠ્ઠા વિદ્યાર્થીએ કહ્યું, ''મોટાં મોટાં પાઠ્યપુસ્તકોના બદલે નાની-નાની ચોપડીઓ હોવી જોઈએ. જેથી આપણને બધું જલ્દી યાદ રહી જાય.''

આ રીતે બધાએ પોતપોતાની વાતો રજૂ કરી.

બધા વિદ્યાર્થીઓની વાત સાંભળ્યા પછી ચંકી નામનો છોકરો પોતાની વાત કહેવા ઊભો થયો.



તે કદમાં નાનો હતો, એટલે બધા વિદ્યાર્થીઓ તેને જોઈ હસવા લાગ્યા. ત્યારે ચંકીએ કહ્યું, ''આ બધી વાતો તો ઠીક છે પણ સાહેબ આપણને સ્કૂલમાં ભણાવતા હોય ત્યારે પૂરું ધ્યાન આપીએ અને આપણે સાહેબે આપેલું લેસન નિયમિત કરીએ તો પરીક્ષામાં બધાના સારા ગુણ આવે તેમાં કોઈ શંકા જ નથી.''

અને એ દિવસનું ઈનામ ચંકીને મળ્યું.

– હુંદરાજ બલવાણી

શાળાના પુસ્તકાલયમાંથી હુંદરાજ બલવાણી રચિત અન્ય બાળસાહિત્ય વાંચવા પ્રેરિત કરવા. આ રીતે અન્ય વિષયો પર વિદ્યાર્થીઓને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપવી.

# ૧૦. એકાગ્રતાનો ચમત્કાર



સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર સી. વી. રામનના બાળપણની આ વાત છે. તેઓ નાના હતા ત્યારે કાંઈને કાંઈ નવું નવું કામ કરતા રહેતા. કામની શરૂઆત અતિશય ઉત્સાહથી કરતા પણ ઉત્સાહ ઓસરી જાય એટલે છોડી દેતા. આમ આદરેલું કામ અધૂરું રહેતું.

ગરમીના દિવસો હતા. પુષ્કળ તાપ પડતો હતો. તેમના પિતાજી એક બિલોરી કાચ લઈ આવ્યા. તેમણે સી. વી. રામનને બોલાવ્યા. તેમણે કહ્યું, ''બેટા! જો તને એક કરામત બતાવું.''

રામને બધું ધ્યાનથી જોવા માંડ્યું. પિતાજી એક નકામા કાગળ ઉપર બિલોરી કાચ ઊંચે રાખીને ફેરવતા હતા. રામન કહેવા લાગ્યા, ''પિતાજી આમાં મને કશું દેખાતું નથી.''



હવે પિતાજીએ બિલોરી કાચને નકામા કાગળ ઉપર એક જગાએ સ્થિર કર્યો. સૂર્યનાં કિરણો તેમાં થઈને કાગળ ઉપર પડતાં હતાં. થોડી જ વારમાં પેલો કાગળ સળગી ઊઠ્યો. રામન આ ઘટના અચરજથી જોઈ રહ્યા. પિતાજીએ કહ્યું, ''આ કાગળ શી રીતે સળગ્યો તેની ખબર પડી?'' રામને નનૈયો ભણ્યો.

''આ એકાગ્રતાનો ચમત્કાર છે. બિલોરી કાચ આમ તેમ કાગળ ઉપર ફેરવ્યા કરવાથી કાંઈ ન વળે. પણ કાચને સ્થિર રાખી, એનાં કિરણો મેં એક જ જગાએ કેન્દ્રિત થવા દીધાં તેથી તેમાંથી અગ્નિ પ્રગટ્યો.''

"હા, પિતાજી સમજ્યો," રામને કહ્યું.

"મતલબ કે આમતેમ ભટકવાથી કાંઈ હાંસલ થતું નથી. તે માટે કામમાં એકાગ્રતા લાવવી પડે. મનને કેન્દ્રિત કરવું પડે, તો જ કામ સફળ થાય."

શ્રી રામને પિતાજીનો બોધ આખી જિંદગી યાદ રાખ્યો. એકાગ્રતાએ તેમને વિજ્ઞાન જગતમાં મહાન સિદ્ધિઓ અપાવી.



– જગદીશ ધનેશ્વર ભટ્ટ

## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) વિજ્ઞાનની કઈ કઈ શોધનો આપણે દરરોજ ઉપયોગ કરીએ છીએ?

(૨) વિજ્ઞાનની કઈ શોધ વગર આપણું રોજિંદુ જીવન મુશ્કેલ બની જાત?

(૩) ક્યા ક્યા કામમાં એકાગ્રતા હોવી જરૂરી છે?

(૪) એકાગ્રતા સંબંધિત તમારો કોઈ અનુભવ જણાવો.

### કૃતિના આધારે

♦ **લખો.**

(૧) પાઠમાં વાત છે તે સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક – ..........

(૨) રામનને કરામત બતાવનાર – ..........

(૩) રામનના પિતાજી લાવ્યા – ..........

(૪) ઘટનાને અચરજથી જોઈ રહેનાર – ..........

(૫) રામનને મહાન સિદ્ધિઓ અપાવનાર – ..........

(૬) સી. વી. રામન હતા – ..........

(૭) કામમાં સફળતા મેળવવા મનને કરવું પડે – ..........

♦ **ખાલી જગ્યા પૂરો**

(૧) આમતેમ ભટકવાથી કાંઈ .................... થતું નથી.

(૨) થોડીવારમાં જ .................... સળગી ઉઠ્યો.

(૩) જો તને એક .................... બતાવું.

(૪) આ .................... નો ચમત્કાર છે.

♦ **આ પાઠમાં આવેલા જોડાક્ષરયુક્ત શબ્દો લખો.**

દા.ત. ચમત્કાર ....................

## ભાષિક સમજ



♦ **બાળશબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધીને લખો.**

સુપ્રસિદ્ધ .......... ઉત્સાહ .......... કેન્દ્રિત .......... સિદ્ધ ..........

કરામત .......... અચરજ .......... બોધ .......... આદરવું ..........

♦ **નો, ની, નું, ના, નાં માંથી યોગ્ય શબ્દ લખો.**

(૧) રામન .......... પિતાજી (૩) ગરમી .......... દિવસો (૫) રામન .......... બાળપણ

(૨) પિતાજી .......... બોધ (૪) કામ .......... શરૂઆત (૬) સૂર્ય .......... કિરણો

♦ **નમૂના મુજબ 'તા' પ્રત્યય જોડી શબ્દ બનાવો.**

(૧) એકાગ્ર – એકાગ્રતા (૩) સફળ – .......... (૫) માનવ – ..........

(૨) નમ્ર – .......... (૪) મહાન – .......... (૬) આતુર – ..........

♦ **મૂળ શબ્દ અને 'ઈક' પ્રત્યય જોડી બનતા શબ્દ આડાઅવળા થઈ ગયા છે. તેમની જોડી બનાવો.**

વિજ્ઞાન, માસિક, વર્ષ, દૈનિક, સમાજ, ધર્મ, માસ, વૈજ્ઞાનિક, ધાર્મિક, સાપ્તાહિક, વાર્ષિક, દિન, સપ્તાહ, સામાજિક.

દા.ત. વિજ્ઞાન – વૈજ્ઞાનિક

♦ કૌંસમાંના શબ્દોને યોગ્ય જગ્યાએ મૂકી ખાલી જગ્યા પૂરો.

(ક) આપણા વીર યુવાનોએ ............ માં વિજય મેળવી આખા ............ માં નામના મેળવી. (જગ, જંગ)

(ખ) નદીમાં ............ આવવાથી આખું ............ પાણીમાં ડૂબી ગયું. (પુર, પૂર)

(ગ) હંસાના ............ વાડીમાં ફરતાં ફરતાં ............ માં ભરાઈ ગયા. (વાડ, વાળ)

(ઘ) ............ કેદીઓને જેલમાંથી ............ કાઢ્યા. (બાર, બહાર)

(ચ) સાપનું ............ જોઈ અમને તેનો ............ લાગ્યો. (દર, ડર)

♦ આપેલા વાક્યમાંના રેખાંકિત શબ્દોના સ્થાને કૌંસમાં આપેલો શબ્દ આવશ્યક ફેરફાર કરીને લખો.

(૧) સરલાએ <u>કેરી</u> ખાધી. (સફરજન)

(૨) જોસફનું <u>રમકડું</u> તૂટી ગયું. (પિચકારી)

(૩) રાકેશ <u>પરમ દિવસે</u> મામાને ઘરે ગયો. (આવતીકાલે)

♦ કહેવતોનો યોગ્ય અર્થ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(૧) જાગ્યા ત્યાંથી સવાર

(અ) ભૂલનું ભાન થયા પછી માણસે ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું.

(બ) સવારમાં જાગવું.

(ક) જાગી જઈએ એટલે સવાર પડે.

(ડ) ભૂલ સુધારવી.

(૨) ઉતાવળે આંબા ન પાકે

(અ) ઉતાવળ કરવી જરૂરી.

(બ) ધીરજથી કામ ન થાય.

(ક) અનુચિત ઉતાવળ કરવાથી કાર્યસિદ્ધિ ન થાય.

(ડ) ધીરજ ધરવી સારી.

## વિશેષ કૃતિ

♦ આ પાઠમાંથી આપણને શું શીખ મળે છે તે લખો.

♦ તમે મોટા થઈને શું બનવા માંગો છો, તે વિશે ૫-૬ વાક્ય લખો.

## ♦ નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરી તેમાં કઈ ક્રિયા દર્શાવવામાં આવી છે તે લખો.



















## ♦ યાદ રાખો

વાક્યમાં ક્રિયા દર્શાવતા શબ્દને વ્યાકરણની ભાષામાં ક્રિયાપદ કહેવાય છે. ક્રિયાપદ વાક્યને પૂર્ણ કરે છે. ક્રિયાની બાબતમાં ત્રણ બાબત સંભવી શકે. (૧) ક્રિયા થઈ ગઈ હોય (૨) ક્રિયા ચાલુ હોય (૩) ક્રિયા થવાની હોય

## ♦ નીચેનાં વાક્યો વાંચી ક્રિયાપદ ઓળખી તેની નીચે લીટી દોરો.

(૧) વિદ્યાર્થીઓ પરીક્ષામાં પેપર લખે છે.
(૨) ઘરના લોકો ટીવી જુએ છે.
(૩) વાડીમાં લોકો જમતાં હતાં.
(૪) વાંદરા ઝાડ ઉપર કૂદે છે.
(૫) તળાવમાં માછલીઓ તરતી હતી.
(૬) ડુંગર ઉપરથી ઝરણું વહે છે.
(૭) રવિવારે અમે ક્રિકેટ રમીશું.
(૮) અમે હવે નિયમિત વાંચીશું.
(૯) આકાશમાં પક્ષીઓ ઊડે છે.
(૧૦) પિયુ આંસુ લૂછે છે.
(૧૧) પિક્ચર જોઈને આવ્યા પછી બહેન સૂઈ ગઈ.
(૧૨) દરજી કપડાં સીવે છે.
(૧૩) વડના ઝાડની વડવાઈઓ લટકે છે.
(૧૪) અમે બધા ઉજાણી કરીએ છીએ.

- આપણા દેશના વૈજ્ઞાનિકો અને તેમના કાર્ય વિશે માહિતી મેળવી નોંધ કરો.
- વર્તમાનપત્ર-સામાયિકમાંથી શબ્દચોરસ, શબ્દરમત, ઉખાણાનો સંગ્રહ કરી ભીંતપત્રક તૈયાર કરો.
- ગુરુ દ્રોણાચાર્યે પોતાના શિષ્યની એકાગ્રતાની પરીક્ષા કઈ રીતે લીધી હતી? તે પ્રસંગ આપ ન જાણતા હો તો તમારા વાલી, શિક્ષક પાસે જાણીને વર્ગમાં વર્ણવો.
- જાણી લઈએ.

દર વર્ષે સી.વી. રામનના જન્મદિન ૨૮મી ફેબ્રુઆરીને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે આંતરશાલેય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

## ચાલો, પ્રયોગ કરીએ

આજે આપણે કરીશું એક સરસ જાદુ! એમાં જાદુ તો છે જ; પણ સાથે વિજ્ઞાન પણ છે. એટલે કે આ 'વૈજ્ઞાનિક જાદુ' છે! એક ખાલી શીશી લો. એ શીશીને બરફમાં મૂકો. બરફના ગાંગડા ભરેલા વાસણમાં મૂકશો તોય ચાલશે અને બરફ નહિ હોય તો ઠંડા પાણીની માટલીમાં રાખશો તો પણ ચાલશે.

થોડી વાર સુધી આમ શીશીને ઠરવા દો. એ બરાબર ઠંડી થઈ જાય એટલે એના મોં પર એક ફુગ્ગો ચડાવી દો. એ ફુગ્ગામાં જરા પણ હવા ન રહે તે જોજો. ફુગ્ગાનું મોં શીશીને ચપોચપ થઈ રહે એનું ધ્યાન રાખજો.

હવે ફુગ્ગો લગાડેલી આ શીશી ઉપાડીને ગરમ પાણીના એક વાસણમાં મૂકો. થોડા વખતમાં જાદુ થશે. એવો જાદુ કે જોનારાં બધાં દંગ થઈ જાય.

પેલો ફુગ્ગો આપમેળે ફૂલવા લાગશે!

તમારા મિત્રો તમને પૂછશે : વાહ રે! વૈજ્ઞાનિક જાદુગર! આ ફુગ્ગામાં હવા ક્યાંથી આવી?



આ રહ્યો તમારો જવાબ.

હવા પણ એક પદાર્થ છે. દરેક પદાર્થ ઠંડીથી સંકોચાય છે અને ગરમીથી ફૂલે છે. તેમ હવા પણ બરફથી સંકોચાય છે અને ગરમીથી ફૂલે છે. પેલી શીશીમાં સંકોચાયેલી હવા ગરમ પાણી અડવાથી ફૂલવા લાગે છે અને એ ફૂલેલી હવા શીશી બહાર ધસારો કરીને ફુગ્ગાને ફુલાવે છે. કેવો અજબ જાદુ!



દૃશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી સર સી.વી રામનના જીવન અને તેમના કાર્ય વિશે માહિતી આપવી. જીવનમાં સફળ થવા માટે એકાગ્રતાનો ગુણ અતિ આવશ્યક છે, તે ગુરુ દ્રોણાચાર્ય અને અર્જુનના 'પક્ષીની આંખ'ના ઉદાહરણ દ્વારા સમજાવવું. લીધેલું કાર્ય અધવચ્ચે છોડી દેવું નહીં, સાતત્ય એ સફળતાની સીડી છે તે સરળ ઉદાહરણો દ્વારા સમજાવવું. બાળકોને ક્રિયાપદ વિશે સરળ શબ્દોમાં સમજ આપવી. આપણા રોજીંદા જીવનમાં જોવા મળતા વૈજ્ઞાનિક તથ્યો તરફ બાળકોનું ધ્યાન દોરવું. જેમ કે-ઠંડાગાર શરબતના ગ્લાસની બહાર પાણીનાં ટીપાં જામે છે.

♦ નીચેના ચિત્રમાં રહેલા તફાવત શોધો.





# ૧૧. હું છું ખાખીબાવો

♦ ચાલો, ગાઈએ

બા બેઠી'તી રસોઈ કરવા,
લઈ એ પળનો લહાવો;
જટા બનાવી, ભભૂત લગાવી,
બચુ બન્યો ત્યાં બાવો...

''બમ બમ ભોલા અલખ નિરંજન,
હું છું ખાખીબાવો!
ભિક્ષા માટે આવ્યો, મૈયા!
ચપટી આટો લાવો!''

''રસોઈ એવી કશી ખપે ના,
નહીં મીઠાઈ-માવો,
વૈરાગીને ભોજન સાદું,
ખીચડી આટો ખાવો...

પૈસા કપડાં કંઈ ના જોઈએ,
ના જોઈએ સરપાવો,
મનમોજીલા બની અમારે,
શિવજીનો જશ ગાવો!''

બા બોલી આજીજી કરતી;
''ચીપિયો ના ખખડાવો,
ઘરમાં હમણાં કોઈ નથી ને,
મુજને ના બિવડાવો!''

''અચ્છા, મૈયા! હમ ચલતે હૈં!''
કહીને ચાલ્યો બાવો;
વેશ હટાવી, થઈને ડાહ્યો,
બોલ્યો : ''બા, હું આવ્યો!''

– નરોત્તમ વાળંદ



## ચાલો, કૃતિ કરીએ

### ♦ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) તમે વેશભૂષા હરિફાઈમાં ભાગ લો તો ક્યો વેશ ભજવશો?

(૨) તમારા મમ્મી ઘરે ન હોય અથવા કામમાં હોય ત્યારે તમે શું કરો છો?

(૩) તમારા ઘરના સભ્યો સાથે તમે કઈ કઈ રમત રમો છો?

(૪) તમે તમારી માતાને શું કહો છો?

## કૃતિના આધારે

### ♦ આકૃતિબંધ પૂર્ણ કરો.

જોઈએ

ધારણ કરેલો વેશ

ખાખીબાવો

નથી જોઈતું

### ♦ ખાખી બાવો ક્યારે શું બોલ્યો?

ભિક્ષા માંગતા

જતા સમયે

વેશ હટાવી

### ♦ યોગ્ય પર્યાય પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| (૧) બાવો કોણ બન્યું હતું? | (અ) કનુ | (બ) મનુ | (ક) બચુ |
| (૨) બા શું કરતી હતી? | (અ) રસોઈ | (બ) પ્રાર્થના | (ક) સાફસફાઈ |
| (૩) વૈરાગી કેવું ભોજન કરે? | (અ) સાદું | (બ) કાચું | (ક) સ્વાદિષ્ટ |
| (૪) બાવાએ ભિક્ષામાં શું માંગ્યું? | (અ) મીઠાઈ | (બ) માવો | (ક) આટો |

♦ લખો.

(૧) બાએ ખાખીબાવાને શું કહ્યું?

(૨) તમે તમારા મમ્મી સાથે કરેલી મજાકમસ્તી વર્ણવો.

♦ કાવ્યના ચિત્રનું નિરીક્ષણ કરી ખાખીબાવાનું વર્ણન તમારા શબ્દમાં કરો.

♦ ચિત્રમાં દર્શાવેલા તેમજ તમે જાણતા તેવા, રસોઈ બનાવવાં જોઈતાં સાધનોની યાદી તૈયાર કરો.

## ભાષિક સમજ

♦ સાચી જોડણી ધરાવતા શબ્દ પર ◯ કરો.

| | | |
|---|---|---|
| (૧) નિરંજન | નિરજંન | નીરંજન |
| (૨) વૈરાગિ | વઈરાગી | વૈરાગી |
| (૩) ચીપિયો | ચીપીયો | ચિપીયો |
| (૪) ખિચડી | ખીચડી | ખિચડિ |

♦ નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

મૈયા – ............

આજીજી – ............

મનમોજીલા – ............

ચીપિયો – ............

♦ યોગ્ય પર્યાય પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| (૧) જેનો અંત નથી તે | (અ) અનંત | (બ) સનંત | (ક) અંતર |
| (૨) જાદુનો ખેલ કરનાર | (અ) મદારી | (બ) જાદુગર | (ક) ખેલાડી |
| (૩) કપડા રંગનાર | (અ) ધોબી | (બ) વણકર | (ક) રંગારો |
| (૪) ઘેરઘેર કાગળ પહોંચાડનાર | (અ) કાગદી | (બ) મોચી | (ક) ટપાલી |
| (૫) સુંદર અક્ષરે લખી આપનાર | (અ) લહિયો | (બ) કાછિયો | (ક) મહેતાજી |

♦ કહેવતના સાચા અર્થની બાજુમાં (✓) ની નિશાની કરી બતાવો.

(૧) પારકી આશા સદા નિરાશા

(અ) પારકા પર આધાર રાખવો.

(બ) બીજા પર આધાર રાખવાથી નિરાશા મળે.

(ક) નિરાશા મળવી.

(ડ) સફળતા ન મળવી.

♦ ઉદાહરણ મુજબ દરેક શબ્દનો પહેલો મૂળાક્ષર લઈ નવો શબ્દ બનાવો.

| | | | |
|---|---|---|---|
| (૧) આગળ | સસલી | નવાઈ – | આસન |
| (૨) શિયાળ | ખરલ | રજની – | ............ |
| (૩) ગાયક | જલેબી | રથ – | ............ |
| (૪) રૂપાળો | પિતાજી | યાક – | ............ |

♦ આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) ટોળું કોનું? | (અ) રૂપિયાનું | (બ) પુસ્તકોનું | (ક) માણસોનું | (ડ) મચ્છરોનું |
| (૨) ગુચ્છો શેનો? | (અ) ફૂલોનો | (બ) પેનનો | (ક) પાનનો | (ડ) અનાજનો |
| (૩) ટુકડી શેની? | (અ) ઘોડાની | (બ) ખેલાડીઓની | (ક) વાંદરાની | (ડ) મોટરની |
| (૪) સૈન્ય કોનું? | (અ) સૈનિકોનું | (બ) વિદ્યાર્થીઓનું | (ક) શિક્ષકોનું | (ડ) લૂંટારાઓનું |

♦ રેખાંકિત શબ્દના સ્થાને કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.

(૧) તે દોડતો બગીચામાં ગયો. (કાજલ)

(૨) ચકલી ઝાડ પર બેઠી છે. (કાગડો)

(૩) શીતલ મેદાનમાં રમતી હતી. (બાળકો)

(૪) હું દાખલો ગણું છું. (અમે)

♦ કૃતિમાં આવેલા સ્ત્રીલિંગી, પુલ્લિંગી શબ્દો શોધીને લખો.

## ♦ ધ્યાનપૂર્વક વાંચો.

- ★ શિલ્પાએ પાઠ <u>વાંચ્યો</u>.
- ★ રૂપલ પાઠ <u>વાંચશે</u>.
- ★ અમારા ઘરે મહેમાનો <u>જમે</u> છે.
- ★ ગઈકાલે મામા-મામી <u>આવ્યાં હતાં</u>.
- ★ જીમીત પાઠ <u>વાંચે છે</u>.
- ★ ખેડૂતો ઝાડ નીચે બેસી <u>જમતા હતા</u>.
- ★ આવતીકાલે અમે હોટેલમાં <u>જમીશું</u>.
- ★ કાકા-કાકી આવતીકાલે <u>આવશે</u>.

### યાદ રાખીએ

ક્રિયા થઈ ગઈ હોય તો તે - ભૂતકાળ
ક્રિયા ચાલુ હોય તો તે - વર્તમાનકાળ
ક્રિયા થવાની હોય તો તે - ભવિષ્યકાળ

કાળ એટલે સમય - ક્રિયાનો સમય દર્શાવતા શબ્દના આધારે કાળ નક્કી થાય છે.

## ♦ ક્યો કાળ દર્શાવે છે? તે લખો.

(૧) ગયા વર્ષે ધોધમાર વરસાદ પડ્યો. - ..........

(૨) આ વર્ષે વરસાદ ઓછો પડે છે. - ..........

(૩) આવતા વર્ષે ખૂબ વરસાદ પડશે. - ..........

(૪) ખેડૂતો દર વર્ષે વરસાદની રાહ જુએ છે. - ..........

(૫) હું નાટક જોવા જઈશ. - ..........

(૬) મારાં ફઈબા કાલે આવ્યાં હતાં. - ..........

(૭) મેં નવાં કપડાં પહેર્યાં. - ..........

(૮) બાએ સુંદર રંગોળી કરી. - ..........

(૯) તમે મોટા થઈને શું બનશો? - ..........

(૧૦) કર્ણ સદાય કવચ-કુંડળ પહેરતો હતો. - ..........

♦ **નીચેના શબ્દોમાંથી નામ, સર્વનામ, વિશેષણ છૂટાં પાડો.**

ડાહ્યો, કવિતા, તે, મુંબઈ, મોટું, ચંપા, આળસુ, અમે, તમે, હોંશિયાર, મહાભારત, કારેલાં, કડવું, મીઠું, તું, તેઓ, ધીમી, ઠંડું

| નામ | સર્વનામ | વિશેષણ |
|---|---|---|
| | | |

♦ **મુદ્દા પરથી વાર્તા કહો.**

એક ભૂખ્યું શિયાળ – દ્રાક્ષની વેલ – કૂદકા મારીને ખૂબ થાકવું – દ્રાક્ષ ખાટી છે – જતાં રહેવું.

♦ **તમારી અને તમારી મમ્મી વચ્ચે મોબાઈલના ઉપયોગ સંબંધી થતો સંવાદ લખો.**



















બાળકો પાસે સૂર-તાલ અભિનયસહિત કાવ્ય ગવડાવવું. કાવ્યના આશય વિશે અનુમાન કરી સ્વભાષામાં બોલવા પ્રેરિત કરવા. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો, જોડશબ્દો, દ્વિરુક્ત શબ્દ તરફ બાળકોનું ધ્યાન દોરવું. કાવ્યના ભાવો પોતાના શબ્દોમાં રજૂ કરવાની, કાવ્ય વિશે પોતાનો મત વ્યક્ત કરવાની તક આપવી. વિદ્યાર્થીઓને સમૂહવાચક શબ્દ, લિંગ, કાળ, નામ, સર્વનામ, વિશેષણનો વિશેષ મહાવરો કરાવવો. પોતાના સ્વાનુભવને સંવાદ – કથાના માધ્યમે વ્યક્ત કરવા પ્રેરિત કરવા.

# ૧૨. પૂરીની આત્મકથા

હું ગોળ ગોળ પૂરી છું. પણ હું એ ગોળ ગોળ આકારની બની તે પહેલાં મારે અનેક રૂપો લેવા પડ્યાં હતાં. મારે ખૂબ દુઃખ સહન કરવું પડ્યું હતું. હું હવે તેની વાત તમને કરું છું.

મારો જન્મ મુંબઈથી દૂર આવેલા એક ગામડામાં થયો હતો. હું અને મારા ભાઈ ભાંડુઓ ત્યારે ઘઉંના દાણા રૂપે હતાં. ઠંડીના દિવસો આવ્યા. અમને ખેતરમાં વાવવામાં આવ્યા. દિવસો જતાં અમને ફણગા ફૂટ્યા. ત્રણેક માસમાં એની ઉપર દાણા બંધાયા. અમને ત્યારે સહુ ઉંબીઓ કહેતા.

ખેડૂતબાપા અમારી સંભાળ લેતા. પછી એ અમને નિયમિત રીતે પાણી પાતા. અમારો લીલો પોંક ખાવા લોકો ખેતરમાં આવતા. પછી તાપ પડતાં અમે પીળા પડી ગયા. ખેડૂતબાપા અમને જોઈ રાજી રાજી થઈ ગયા.

એક દિવસ સવારે ખેડૂતબાપા આવ્યા. એમનાં કુટુંબીઓ પણ સાથે હતાં. એમણે દાતરડાથી અમને કાપી નાખ્યા. પછી અમને ખળામાં પાથરી દીધા. અમારી ઉપર તેમણે બળદ ચલાવ્યા. અમે દબાઈને ઉંબીમાંથી બહાર નીકળ્યા. અમને ઊપણીને એમણે કચરો ઉડાડી દીધો. અમે હવે ઘઉં બન્યા. અમને ગૂણીમાં પૂર્યા. અમે ગભરાઈ ગયા.



ખેડૂતબાપાએ પછી અમને ખેતશી મોદીને ત્યાં વેચી દીધા. પૈસા લઈને એ ચાલી ગયા. એમનાથી છૂટા પડતાં અમે બધા રડી પડ્યા.

અમે હવે ખેતશી મોદીની દુકાને હતા.

ત્યાંથી અમને રમાબહેન ખરીદી ગયાં. તેમણે અમને ઘેર લાવી સાફ કર્યાં. ખુલ્લી હવા મળી તેથી અમને ગમ્યું.

પણ બપોર થઈ અને તેમનો નોકર અમને ડબામાં ભરી દળાવવા ચાલ્યો. દળવાની ઘંટીમાં અમને નાખ્યા. ફટફટ કરતી ઘંટી ચાલી. અમે બધાં દાણા પિસાઈ ગયા અને લોટ થઈ ગયા. એ લોટ પાછો ઘેર આવ્યો.

રમા બહેને લોટ થાળીમાં કાઢ્યો. એમાં એમણે થોડુંક તેલ નાંખ્યું. પછી પાણી નાંખીને, મસળીને એમણે કણક તૈયાર કરી. એ પિંડામાંથી નાના લૂઆ તૈયાર કરી, પાટલી ઉપર રાખી અને વેલણથી એમણે ગોળ ગોળ પૂરી વણી.

હવે અમારી ખરી પીડા શરૂ થઈ. એ બહેને ચૂલા ઉપર કડાઈ મૂકી. તેમાં તેલ નાંખ્યું. તેલ ઊકળ્યું એટલે અમને એમાં નાંખી. છમ્ કરતી અમે રાડ પાડી. ગરમીથી ફૂલીને અમે દડા જેવી થઈ ગઈ. અમે હવે પૂરી બની ગયાં. ઘરનાં કુટુંબીઓએ શ્રીખંડ સાથે અમને ખાઈને મજા માણી. અમે ભલે આટલી બધી હેરાનગતિ ભોગવી, પણ લોકોને તો ખાવામાં મજા પડીને! એમાં અમે પણ આનંદ માનીએ છીએ.



- ઘઉંમાંથી પુરી બનવા સુધીનો ઘટનાક્રમ વર્ણવો.
- શિક્ષકની મદદથી શાળાનાં પુસ્તકાલય-માં રહેલા પુસ્તકોનું વિવિધ સાહિત્ય પ્રકારાનુસાર વર્ગીકરણ કરો. નિયમિત પુસ્તકાલયની મુલાકાત લો. વાંચેલા પુસ્તકનો ગમતો ભાગ વર્ગમાં રજૂ કરો.

# ૧૩. ચંપાનું ચીં...ચીં...

એક ખેતર હતું. ખેતરમાં મજાનું ઝાડ, ઝાડ ઉપર એક ચકલી રહે. ચકલીને મજાનું એક બચ્ચું. નામ એનું ચંપા. ચંપા આખો દિવસ ઝાડ પર ઝૂલ્યા કરે. ચંપા નાની અને એકની એક. ચંપા સૌને વહાલી.

ચંપા આખો દિવસ ચીં ચીં કર્યા કરે. ઠેકડા મારતી ફર્યા કરે. મા જાતજાતનાં લાડ લડાવે. ચંપા ખાય, પીએ અને મજા કરે. ઝાડની ડાળે આરામથી ઝૂલ્યા કરે.

ઝાડ ઉપર બીજાં પંખી પણ રહેતાં હતાં. કાબર, પોપટ, કબૂતર, ક્યારેક કાગડાભાઈ પણ આવી ચડતા. નાની ચંપા દરેકને ગમતી. તે ફૂલીને ફાળકો બની ફરતી.

ધીરે ધીરે ચંપા મોટી થઈ. તે ખૂબ જ આળસુ હતી. તેને કામ કરતાં જોર પડે. મા કામ બતાવે તો ચીં ચીં કરી હસવામાં કાઢી નાખે. ઘણી વખત તેને કામ ન કરવું પડે એટલે તે ક્યાંય સંતાઈ પણ જતી.

સવાર પડે ચંપાની મા દાણા શોધવા નીકળી પડે. બીજાં પંખી પણ દાણાની શોધમાં નીકળી પડે. ચંપા બહાર નીકળે નહીં. મા દાણા લાવે ત્યારે જ ચંપા ખાય.

ચંપા મોટી થઈ પણ તેની આવી ટેવ ન ગઈ. ચંપાની મા કંટાળી ગઈ, તેણે એક દિવસ ચંપાને ઠપકો આપતાં કહ્યું, 'બેટા ચંપા, તું હવે મોટી થઈ. તારે કામ કરવું જ જોઈએ. બધાં પંખીઓ કેવા દાણા શોધવા નીકળી પડે છે? તું ક્યાં સુધી આમ ચીં... ચીં... કર્યા કરીશ?'



ચંપા ચીં... ચીં... કરતી કહેવા લાગી. 'મા, મારી તબિયત સારી નથી. ખાંસી થઈ ગઈ છે. બે દિવસથી ચાંચમાં તાવ રહે છે.' ચંપાની વાત સાંભળી માને દયા આવી. તેણે ચંપાને દાણા ખવડાવ્યા. ચંપા ખાઈ-પીને આરામ કરવા લાગી.

બધાં ચંપાની પોલ જાણી ગયાં. ચંપાને કામ કરતાં જોર પડે છે, એવી વાતો થવા લાગી. પછી તો બુલબુલે ગીત બનાવ્યું. બધાં પંખીઓએ ભેગાં મળીને ગાવા માંડ્યું :

**'ચંપા ચકલી ચીંચીં ચીંચીં,**
**હીંચે આંખો મીંચી મીંચી,**
**દાણા શોધતાં જોર પડે,**
**માંદી છું કહી શોર કરે.'**

પણ પથ્થર ઉપર પાણી. ચંપાને ગીતની કોઈ અસર થઈ નહીં. તેની મા પણ ઘણી જ અકળાઈ ગઈ. એક બાજુ ચંપા પજવે. બીજી બાજુ પંખીઓ આવું ગીત ગાય. ચંપાને કંઈ પડી ન હતી. તે મજાની ફરતી હતી.

જો કે બીજાં પંખીઓની વાત ચંપાની મા માનતી નહીં પણ તેને બુલબુલ ઉપર પૂરો વિશ્વાસ. ઘણા કામમાં તે બુલબુલની સલાહ પણ લેતી. તે કહે તે પ્રમાણે કરતી. એક દિવસ બુલબુલે પણ ગાવા માંડ્યું,

**'માતા બિચારી બોલે નહીં,**
**ચંપા તો ભેદ ખોલે નહીં,**
**કામ કરતાં જોર પડે,**
**ઢોંગ કરીને રડી પડે.'**

ચંપાની માએ બુલબુલનું ગીત સાંભળ્યું. તેને થયું કે, ચંપા નક્કી ઢોંગ કરતી લાગે છે. તેને દવાખાને લઈ જવી પડશે. માંદી હશે તો ખબર પડશે. તે ચંપાને દવાખાને લઈ ગઈ. ગામનાં ખૂણામાં કાકાકૌઆનું નાનું દવાખાનું હતું. કાકાકૌઆ હોશિયાર ડૉક્ટર. પંખીઓના રોગના જબરા પારખુ. પરદેશ પણ જઈ આવેલા. કાલુ કાલુ બોલે, મીઠી મીઠી દવા આપે. કાકાકૌઆએ



ચંપાને તપાસી. કાચમાં જોયું. લોહી તપાસ્યું. ફોટો પાડ્યો. ચંપામાં કોઈ રોગ મળે નહીં.

કાકાકૌઆએ હસતાં હસતાં કહ્યું, 'ગભરાવાની જરૂર નથી. ચંપાને કોઈ રોગ નથી. બેસી રહીને એનામાં થોડી આળસ આવી ગઈ છે. શક્તિનું ઇંજેક્શન આપું છું.'

કાકાકૌઆ ઇંજેક્શન તૈયાર કરીને લાવ્યા. પણ ના મળે ચંપા કે ના મળે ચંપાની મા. તેમણે બબડીને ઇંજેક્શન પાછું મૂક્યું.

ચંપાને પ્રેમથી સમજાવતાં માએ કહ્યું, 'બેટા તું કેમ ભાગી આવી? ઇંજેક્શન લઈ લીધું હોત તો સારું થઈ જાતને...

ચંપા કંઈ બોલ્યા વગર માની ગોદમાં ભરાઈને ગાવા લાગી.

**'ઇંજેક્શનથી ડરી ગઈ,**
**એટલે હું તો ભાગી ગઈ,**
**માડી હવે હું કામ કરીશ,**
**વીણી વીણી લાવીશ દાણા,**
**માડી ખાઈને ગાજે ગાણાં.'**

ચંપાનું ગીત સાંભળી તેની મા રાજી થઈ ગઈ. બીજાં પંખીઓ પણ આનંદમાં આવી ગયાં. ચંપા ચીં ચીં કરતી ગાતી દાણા વીણવા ઊપડી ગઈ. તેની મા ડાળ ઉપર ઝૂલવા લાગી.

– ફિલિપ કલાર્ક





## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમારા પરિસરમાં ક્યાં ક્યાં પશુ-પક્ષી જોવા મળે છે?
(૨) તમને કોઈ કામ કહે ત્યારે તમે શું કરો છો?
(૩) તમે ડૉક્ટર પાસે જાઓ ત્યારે ડૉક્ટર કેવી રીતે તપાસે છે?
(૪) તમે તમારું ક્યું કામ જાતે કરો છો?
(૫) તમે ઘરકામમાં મમ્મીને શી મદદ કરો છો?
(૬) તમે ક્યારેય ખોટાં બહાનાં કાઢ્યા છે?

## કૃતિના આધારે 

### ♦ શું તે કહો? (તમારી નોટમાં જવાબ લખો)

(૧) ચંપાને કોઈ કામ બતાવે તો ચંપા કરતી –

(૨) ચંપાની માએ ચંપાને સમજાવ્યું –

(૩) ડૉક્ટરે ચંપાને તપાસીને કહ્યું –

### ♦ કોણ તે કહો.

(૧) ખાય પીને મજા કરનાર – ______

(૨) બુલબુલની સલાહ લેનાર – ______

(૩) ચંપા માટે ગીત બનાવનાર – ______

(૪) ચંપા માટે ઇંજેક્શન તૈયાર કરનાર – ______

### ♦ અયોગ્ય પર્યાય સામે ✗ કરો.

**(અ) ચંપા આખો દિવસ કર્યા કરતી–**

(૧) ઠેડકા મારતી ફર્યા કરે.
(૨) ચીં ચીં કર્યા કરે.
(૩) ઊંઘતી રહેતી.
(૪) સંતાતી રહેતી.

**(બ) ચંપાની માએ ઠપકો આપતા ચંપાએ કહ્યું–**

(૧) બે દિવસથી ચાંચમાં તાવ આવે છે.
(૨) મને ખાંસી થઈ ગઈ છે.
(૩) મને પેટમાં દુ:ખે છે.
(૪) મારી તબિયત સારી નથી.

**(ક) કાકાકૌઆ ચંપાની તપાસ કઈ રીતે કરી?**

(૧) કાચમાં જોયું.
(૨) જીભ અને આંખ તપાસી.
(૩) ફોટો પાડ્યો.
(૪) લોહી તપાસ્યું.

### ♦ ખાલી જગ્યા પૂરો.

(૧) ચંપા નક્કી ______ કરતી લાગે છે.

(૨) બધા ચંપાની ______ જાણી ગયા.

(૩) ચંપા ખૂબ જ ______ હતી.

### ♦ લખો.

(૧) ચંપાના વર્તન વિશે તમારો મત લખો.

(૨)પાઠમાં તમને ગમેલું પાત્ર તથા તે ગમવાનું કારણ લખો.

♦ **નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી જોડો.**

| | |
|---|---|
| (૧) ફૂલીને ફાળકો થવું | (અ) જૂઠાણું પકડી પાડવું |
| (૨) પોલ જાણવી | (આ) ખૂબ ખુશ થવું |
| (૩) ઢોંગ કરવો. | (ઇ) કામ કરવું ન ગમવું |
| (૪) કામ કરતાં જોર પડવું | (ઈ) ખોટો દેખાવ કરવો. |

♦ **સાચી જોડણી પર ✓ કરો.**

| | | | |
|---|---|---|---|
| (૧) શક્તિ | શક્તી | શકતી | સક્તિ |
| (૨) ઈંજેક્શન | ઇંજેક્શન | ઇંજેક્સન | ઇનજેક્સન |
| (૩) ડોક્ટર | ડાક્ટર | ડૉકટર | ડૉક્ટર |
| (૪) હોંશિયાર | હોશીયાર | હોશિયાર | હોસિયાર |

♦ **પાઠમાં આવેલું વાક્ય છે – મા જાતજાતનાં લાડ લડાવે. અહીં 'જાતજાતનાં' જોડ શબ્દ છે. એ રીતે પાઠમાં આવેલા નીચેના જોડશબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

(૧) એકની એક – ..................................................

(૨) ધીરે ધીરે – ..................................................

(૩) મીઠી મીઠી – ..................................................

(૪) કાલુ કાલુ – ..................................................

♦ **શબ્દ અને તેના અર્થની જોડી જોડો**

પારખુ | પજવવું | ઠપકો આપવો | ભેદ

આળસ | અકળાવું | ખોટો દેખાવ

ચિડાવું | પરીક્ષા | ઢોંગ | સુસ્તી

રહસ્ય | હેરાન કરવું | ભૂલ માટે વઢવું

♦ જે રીતે ચંપાએ પોતાની વાત ગીત ગાઈને રજૂ કરી, એ જ રીતે તમે પણ તમારા મમ્મી, શિક્ષકો, મિત્રોને ઉદ્દેશીને એક નાનકડું કાવ્ય તૈયાર કરો.








♦ શાળામાં આયોજિત વાર્ષિક સમારંભમાં તમે ક્યું ગીત ગાશો? તે અભિનય સહિત વર્ગમાં રજૂ કરો.

♦ નીચેનો ગદ્યાંશ વાંચીને પ્રશ્નોના જવાબ આપો. ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો.

ડેરી એટલે દૂધ અને દૂધની બનાવટો બનાવનારી અને સંગ્રહ કરનારી સંસ્થા. નાની ડેરીમાં ગાય-ભેંસ પણ હોય. મોટી ડેરી ગાય-ભેંસ રાખનાર પાસેથી દૂધ લઈને તે ભેગું કરે છે. ગાય-ભેંસ પાળનારા લોકો કેન્દ્ર ઉપર દૂધ ભરી આવે. કેન્દ્રમાં ભેગું થયેલું દૂધ ખટારા મારફતે ડેરી પર આવે. ડેરીમાં એની ચકાસણી થાય. દૂધને શુદ્ધ કરાય અને શુદ્ધ થયેલું દૂધ કેનમાં પેક થાય કે બાટલીમાં ભરાય. હવે તો કાગળના પડીકામાં પણ પેક થાય તેવી પદ્ધતિ શોધાઈ છે. દૂધના અમુક જથ્થામાંથી માખણ, દૂધનો પાઉડર, પનીર જેવા પદાર્થો બનાવીને બજારમાં વેચાણ માટે મુકાય છે. આમ, ગામડાનાં એક ખૂણે મેળવેલું દૂધ દેશમાં ખૂણેખૂણે પહોંચે છે.

(૧) ડેરી કોને કહેવાય?
(૨) નાની ડેરી અને મોટી ડેરીમાં શો ફેર છે?
(૩) દૂધમાંથી કઈ કઈ વસ્તુઓ બને છે?

♦ દૂધ પર કરાતી પ્રક્રિયાને ક્રમમાં ગોઠવીને ફરી લખો.

(૧) દૂધને શુદ્ધ કરાય.
(૨) ગાય-ભેંસ પાળનારા કેન્દ્ર ઉપર ભરે.
(૩) દૂધ ખટારા મારફતે ડેરીમાં આવે.
(૪) દૂધને કેનમાં પેક કરવામાં આવે.
(૫) ડેરીમાં દૂધની ચકાસણી થાય.
(૬) કેન્દ્રમાંથી દૂધ ખટારામાં ભરાય.



કૃતિ સમજાવવાની શરૂઆત કરતાં પહેલા કૃતિનું વાંચન કરાવવું. કૃતિના વાંચન અને કૃતિમાં આપેલા ચિત્રોના આધારે કૃતિના આશયનું અનુમાન કરી સ્વભાષામાં વ્યક્ત કરવા બાળકોને પ્રેરિત કરવા. પ્રસ્તુત કૃતિ વિશે જૂથમાં ચર્ચા કરવા, કૃતિમાં ઘટેલી ઘટના, પ્રસંગ વિશે પોતાનો મત વ્યક્ત કરવા, કૃતિના સંદર્ભમાં પોતાનો અનુભવ વ્યક્ત કરવા, કૃતિનો સારાંશ વર્ણવવા પ્રેરિત કરવા.પ્રસ્તુત કૃતિ દ્વારા બાળકોને સમજાવવું કે આળસ એ આપણો મોટો શત્રુ છે.

# નિમંત્રણ પત્રિકા




## પ્રજાસત્તાક દિવસ

સ્નેહી શ્રી ..........................................................................................

સહર્ષ જણાવવાનું કે પ્રજાસત્તાક દિન નિમિત્તે આપણી શાળામાં યોજવામાં આવેલ ધ્વજવંદન કાર્યક્રમમાં સહભાગી થવા આપને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

### કાર્યક્રમની વિગત

સ્થળ : ........................................ પ્રાથમિક શાળા

તારીખ :

સમય : ૦૮.૦૦ કલાકે

-: નિમંત્રક :-

આચાર્ય તથા સમસ્ત શાળા પરિવાર

♦ તમારી શાળામાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ માટેની નિમંત્રણ પત્રિકા તૈયાર કરો.




પહેલાં ચિત્રના આધારે નિમંત્રણ પત્રિકા બનાવવા માટે જોઈતું સાહિત્ય અને તેની ક્રમિક રીત અંગે વર્ગમાં ચર્ચા કરવી. બાળકો નિમંત્રણ પત્રિકા બનાવે ત્યારે સહાયકની ભૂમિકા ભજવવી.

# ૧૪. લંગડી

"આજે આપણાં બહેન લંગડી રમાડવાનાં છે," ભરતે લતાને કહ્યું. થોડીવારમાં બહેન સૌને વર્ગમાંથી બહાર લઈ ગયાં. બધાં મેદાનમાં ગયાં.

બહેન કહે, "લંગડીમાં બે ટુકડી જોઈએ. પહેલાં તમે ટુકડીના બે સરદાર પસંદ કરો. પછી તેઓ પોતપોતાની ટુકડીના ભિલ્લુઓ માગી લેશે."

ભરત અને લતા સરદાર થયાં. તેમણે પોતપોતાના ભિલ્લુઓ માગી લીધા. દરેક ટુકડીમાં નવ ખેલાડી હતા.

પછી સરદારોએ રમત માટે કૂંડાળું પાડ્યું. બહેને રોશનને કહ્યું, "રોશન, તું રમતનું ધ્યાન રાખજે. નિયમ પ્રમાણે બધાં રમે તે તું જોજે."

રોશન કહે, "ચાલો, પહેલો દાવ કોણ લેશે?"

ભરત કહે, "લતાની ટુકડીને દાવ લેવા દો. અમે દાવ આપીશું."

પછી ભરતના ભિલ્લુઓ હારબંધ બેસી ગયા. લતાના ભિલ્લુઓ કૂંડાળાની અંદર ગયા.

રોશને સિસોટી વગાડી. રમત શરૂ થઈ.

ભરત સૌથી પહેલો લંગડી કરતો કૂંડાળામાં ગયો. દાવ લેનારને પકડવા દોડ્યો. લતાના ભિલ્લુઓ કૂંડાળામાં પકડાઈ ન જવાય તેવી રીતે દોડવા લાગ્યા. એટલામાં એક ભિલ્લુ પકડાયો. તે કૂંડાળાની બહાર નીકળી ગયો.





જે ભિલ્લુ કૂંડાળાની બહાર પગ મૂકે તે દાવ ગુમાવે. રોશન તેને કૂંડાળાની બહાર કાઢે. રોશન કહે તે જ સાચું.

ભરતના ભિલ્લુઓ લંગડી કરતાં કરતાં વારાફરતી કૂંડાળામાં ગયા. લતા દોડવામાં ચપળ હતી. ભરતના બે ભિલ્લુઓ વારાફરતી તેને પકડવા ગયા. તેમનો લંગડાતો પગ જમીનને અડી ગયો. એટલે તેમનો દાવ ગયો. છેવટે લતા ભરતને હાથે પકડાઈ ગઈ. તેની ટુકડીનો દાવ પૂરો થયો.

હવે ભરતની ટુકડીનો દાવ લેવાનો વારો આવ્યો. ભરત અને તેના ભિલ્લુઓ કૂંડાળામાં ગયા. લતાએ દાવ આપવાનું શરૂ કર્યું. લતા દોડવામાં ભરતથી ઊતરે તેમ નહોતી. લતાએ ઝડપથી દોડી ભરતને પકડી પાડ્યો. પછી ભરતના ભિલ્લુઓ એક પછી એક પકડાતા ગયા. દાવ પૂરો થયો.

રમીને સૌ થાક્યાં હતાં. પણ તેમને રમવામાં ખૂબ મજા આવી હતી. બહેન પણ બાળકોની રમતગમત જોઈને ખુશ થયાં હતાં.

બાળકોને મૂળજીભાઈ ભક્ત રચિત કાવ્ય 'અમે ફેરફુદરડી ફરતાં'તા' કાવ્ય સમૂહમાં અભિનય સહિત ગવડાવો.

# ૧૫. તડકાને

♦ ચાલો, ગાઈએ



તડકો, થાતા બપોર તું કાં આટલો ગરમ થા?
ગળી જઈને ગુસ્સો, વહાલા જરા તો નરમ થા!
તું કાં આટલો ગરમ થા?

ખરે બપોરે રખડ્યા બદલ વઢી છે તને મા?
કે વીજળીબહેનીએ માર્યાં કિરણ તને તીખાં?
વાંક હોય તો વઢે વડીલો, એથી ના શરમા.
તું કાં આટલો ગરમ થા?

બાળક બહાર નીકળ્યાં મોટી રિસેસમાં રમવા,
પનિહારીઓ નીસરી નદીએ પાણીડાં ભરવા,
એવા ભોળાં સૌને, ભાઈ, પરેશાન કર મા.
તું કાં આટલો ગરમ થા?

વટેમાર્ગુઓ ન્હાય પસીને ઊના મારગમાં,
તને શાપતાં જેઓ તારે ત્રાસે રહે ઘરમાં,
એથી માઠું ના લગાડ, ભઈ જરાક તો ગમ ખા !
તું કાં આટલો ગરમ થા?

સૂરજદાદાએ દીધું કામ તે શાને વીસરી જા?
વાદળીઓને કાજે ઝાઝાં પાણીડાં ભરી જા.
દાદે દીધી ફરજમાં, અલ્યા કશી કસર કર મા!
તું કાં આટલો ગરમ થા?

– યશવન્ત મહેતા



## ચાલો, કૃતિ કરીએ

### ♦ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) સવારે-બપોરે-સાંજે તડકો કેવો હોય છે?

(૨) તમે બપોરે બહાર નીકળો ત્યારે કેવો અનુભવ થાય છે?

(૩) તમે રિસેસમાં શું કરો છો?

(૪) તડકાથી બચવા તમે શું ઉપાયો કરો છો?

(૫) તમારા વડીલો ક્યારે વઢે છે?

(૬) તમને મમ્મી વઢે ત્યારે તમે શું કરો છો?

## કૃતિના આધારે

### ♦ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) .................... થતાં તડકો ગરમ થાય છે.

(અ) સવાર (બ) બપોર (ક) સાંજ

(૨) બપોરે રખડવા બદલ તડકાને .................... વઢે છે.

(અ) વીજળીબહેને (બ) સૂરજદાદા (ક) મા

(૩) .................... નદીએ પાણી ભરવા નીકળી છે.

(અ) પનિહારી (બ) વાદળી (ક) વીજળી બહેન

(૪) વીજળીબહેને તડકાને .................... કિરણ માર્યાં છે.

(અ) મીઠાં (બ) કડવાં (ક) તીખા

### ♦ લખો.

કાવ્યમાં કવિએ તડકાને

↓

પૂછેલા પ્રશ્ન | આપેલી સલાહ

♦ કવિએ તડકાને કરેલા સંબોધનો

## ભાષિક સમજ



♦ **કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી લખો.**

(તડકો, ઠંડી, વરસાદ, ભજિયાં)

(૧) ધોમધખતો – ______ (૩) કડકડતી – ______

(૨) ધોધમાર – ______ (૪) ગરમાગરમ – ______

♦ **રૂઢિપ્રયોગના અર્થ સાથે યોગ્ય જોડી જોડો.**

| | |
|---|---|
| ગમ ખાવી/ગળી જવું | ખોટું લાગવું |
| માઠું લાગવું | ઓછું કરવું |
| કસર કરવી | સહન કરવું |

♦ **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

(૧) કોઈનું બૂરું થાય તેવી ઈચ્છા વ્યક્ત કરવી ______

(૨) પાણી ભરવા જતી સ્ત્રી ______

(૩) નકામા આંટા ફેરા મારવા ______

(૪) દિવસનો મધ્યભાગ ______

♦ **રેખાંકિત શબ્દના વિરોધી શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.**

(૧) મરચાં તીખાં હોય છે, જ્યારે બોર ______ હોય છે.

(૨) બપોરે તડકો હોય છે, જ્યારે સાંજે ______ હોય છે.

(૩) દૂધ ગરમ પીવાય, જ્યારે શરબત ______ પીવાય.

◆ કોષ્ટક પૂર્ણ કરો.

| ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|---|---|
| રમ્યા | | | જમ્યો | | |
| | જાય છે | | | હસે છે | |
| | | વાંચશે | મૂક્યા | | |
| પડ્યો | | | | | બનાવશે |

◆ કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો.

(૧) તેની .......... પહોળી થઈ ગઈ. (આખો/આંખો)

(૨) તેણે પાંચ રૂપિયામાં તરબૂચ .......... દીધું (વહેંચી/વેચી)

(૩) રેલવેના .......... ઓળંગવામાં સાવચેતી રાખવી જોઈએ. (પાટા/પાતા)

(૪) બાળકો .......... તો બધાંને બહુ ગમે. (હશે/હસે)

(૫) કૌરવો .......... હતા. (સૌ/સો)

## વિશેષ કૃતિ

◆ આપણે શું કહી બોલાવીએ છીએ?

સૂરજ .......... ચાંદા .......... મેઘ ..........

વીજળી .......... વર્ષા .......... ધરતી ..........

◆ વાદળામાં પાણી કેવી રીતે ભરાય છે? તે લખો.

## સંભાષણ

◆ તમારી શાળામાં ગુજરાતી દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં પ્રસ્તુત કરવા માટે લોકગીત/બાળગીત તૈયાર કરો.

બાળકો પાસે સૂર-તાલ અભિનયસહિત કાવ્ય ગવડાવવું. કાવ્યના આશય વિશે અનુમાન કરી સ્વભાષામાં બોલવા પ્રેરિત કરવા. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. કાવ્યના ભાવો પોતાના શબ્દોમાં રજૂ કરવાની, કાવ્ય વિશે પોતાનો મત વ્યક્ત કરવાની તક આપવી. બાળકોને રૂઢિપ્રયોગ, શબ્દસમૂહ માટે એક શબ્દ અને કાળનો વિશેષ મહાવરો કરાવવો.

## ♦ નીચેનાં ચિત્ર વિશે મિત્રો સાથે સંવાદ સાધો.





રમતથી થતાં સર્વાંગી લાભ વિશે માહિતી આપવી. આપણી પારંપરિક રમતોનો પરિચય કરાવવો. શ્રી સાઈરામ દવે રચિત કાવ્ય 'મારે રમવું છે' સમૂહમાં સૂર-તાલ અભિનય સહિત ગવડાવવું.

# ૧૬. કંકુ

એક કૂતરી. એનું નામ કંકુ.

એણે બચ્ચાંઓને જન્મ આપ્યો. કાળાં ને કાબરાં. સરસ રૂપાળાં વ્હાલાં લાગે એવા ગલૂડિયાં જોવા માટે સોસાયટીના લોકો ભેગાં થયાં. કોઈ દૂધ લાવ્યું તો કોઈ દહીં લાવ્યું. જિમ્મી દોડતો આવ્યો. મમ્મીને લપેટાઈને બોલી ઊઠ્યો : ‘મમ્મી, મમ્મી’

મમ્મી કહે : ‘હા, દીકરા, બોલ શું છે?’

જિમ્મી કહે : ‘બચ્ચાં-બચ્ચાં...’

મમ્મી કહે : ‘બચ્ચાં? ક્યાં? કોનાં?’

૬ વર્ષનો જિમ્મી કંકુ કૂતરીને કુકુ કહેતો હતો.

તે બોલ્યો : મમ્મી, કુકુને બચ્ચાં આવ્યા.

પપ્પા બોલ્યા : ‘તું કંઈ સમજી?’

મમ્મી કહે : ના રે ભાઈ!

પપ્પા કહે : આપણો જિમ્મી એમ કહે છે કે, કંકુએ બચ્ચાંને જન્મ આપ્યો છે.

દાદા કહે : દીકરા જિમ્મી, તું એને માટે ચોખ્ખા ઘીનો શીરો લઈ જા!

જિમ્મીને આટલું જ જોઈતું હતું.



તે બોલી ઊઠ્યો : હા, મમ્મી... કુકુને શીરો ખવડાવીએ.

મમ્મી કહે : સારું.

તે પછી જિમ્મીના મમ્મીએ સ્ટવ પર કડાઈ મૂકી ઘી, ગોળ અને લોટ નાખીને સરસ મજાનો લચપચતો શીરો બનાવી નાખ્યો. આખા ઘરમાં સુગંધ પ્રસરી ગઈ. વધુ ઘી નાખ્યું હોવાથી શીરો મઘમઘી ઊઠ્યો. તાંસળું ભરીને શીરો લઈ જિમ્મી ચાલ્યો.

મમ્મી કહે : દીકરા, તું એકલો જતો નહીં. હું તારી સાથે આવું છું. વળી શીરો ગરમ છે.

જિમ્મી જિદ્દી હતો, તે બોલ્યો, ના મમ્મી, હું પોતે જઈશ!

મમ્મી કહે : દીકરા, શીરો એકદમ ગરમ છે. બકા, તું દાઝી જઈશ.

જિમ્મી કહે : ના, હું જઈશ.

દાદા કહે : દીકરા, તું અને તારા મમ્મી જાવ. કંકુને શીરો ખવડાવો.

જિમ્મી કહે : સારું, પણ હું જ એને ખવડાવીશ. જિમ્મી અને તેની મમ્મીએ શીરાનું તાંસળું પકડ્યું. લઈને ચાલ્યાં સોસાયટીના ઝાંપા પાસે, જ્યાં કંકુએ ગલુડિયા મૂક્યાં હતાં. જિમ્મીએ ત્યાં જઈને કંકુના મોઢા આગળ શીરાનું તાંસળું મૂકી દીધું.

કંકુ ચપ... ચપ... ચપ... કરતી તે ચોખ્ખાં ઘીનો શીરો ખાવા માંડી. તેના બચ્ચાં વાંઉ... વાંઉ... કરતા રડવાં લાગ્યાં. આ દૃશ્ય જોઈને જિમ્મી તાળીઓ પાડતો હસી પડ્યો. મજા પડી ગઈ. આનંદ-આનંદ થઈ ગયો.



કંકુએ બધો જ શીરો ખાધો. જિમ્મીએ મમ્મી સામે જોયું અને અદાથી બોલ્યો : 'મમ્મી, શીરો ખલાસ.'



મમ્મી કહે : હા, હવે કાલે ખવડાવીશું. એ સાંજે સોસાયટીના એક છોકરાને કંકુએ બચકું ભર્યું. બે દાંત બેસાડી દીધા. રાડ પડી ગઈ. બૂમાબૂમ થઈ ગઈ.

એ છોકરાના મમ્મી-પપ્પા કહે : કંકુને અહીંથી ભગાડો.

જિમ્મીના મમ્મી-પપ્પાએ દરમિયાનગીરી કરી. તેમણે કહ્યું : કંકુએ બચ્ચાં મૂક્યાં. છે તે અણસમજું -મૂંગું જનાવર છે. એને શું સમજણ પડે? તેના બચ્ચાંને બચાવવા માટે તેણે બચકું ભર્યું હશે...?

ચાર જણાએ વિરોધ કર્યો, ગમે તે થાય કંકુને અહીંથી કાઢો. જિમ્મીના મમ્મી અને પપ્પા બધાને સમજાવીને થાક્યાં. કોઈ માનતા ન હતા. છેવટે... જિમ્મી રડવા લાગ્યો. જિમ્મીના દાદા-દાદી આવ્યાં. તેમણે સોસાયટીના લોકોને સમજાવ્યા. પણ કોઈ માન્યું નહીં. હવે કરવું શું?

દાદા કહે : કંકુને આપણે આપણા ઘરના પાછળના વાડામાં બેસાડીએ...

એમ જ થયું. જિમ્મીના મમ્મી-પપ્પા અને દાદાએ ગલુડિયાં ઊંચકી લીધા, લઈને ચાલ્યા. ઘરના પાછળના વાડામાં તેમને જગ્યા આપી દીધી. બનવા જોગ એ રાતે એક ઘટના બની ગઈ. ત્રણ ચોર સોસાયટી પાસેના ઝાંપે આવીને ઊભા રહ્યા. રાતના બે વાગ્યા હતા. કંકુ ઝાંપે બેઠી હતી. ચોરને જોઈને તે ભસવા લાગી. બે યુવાનો ઊઠી ગયા. 'કોણ છે?'

'શું છે?'

'કંકુ કેમ ભસે છે?'

એક વૃદ્ધજને જોયું તો અંધારામાં ચોર કળાયા. જે છોકરાને કંકુ કરડી હતી તેના પિતા પણ ઝાંપે આવ્યા. ચોર નાઠાં. કંકુ ભસતી રહી. એ ટાણે જિમ્મીનાં મમ્મી-પપ્પા પણ દોડી આવ્યાં.

જિમ્મીના પપ્પા કહે : જોયું ભાઈઓ, આ અબોલ અને મૂંગા જીવે આપણાં કોઈ એક ઘરને લૂંટાતું બચાવ્યું છે. બધા ચૂપ થઈ ગયા.

પછી તો બન્યું એવું કે રોજ ઘરે ઘરેથી કંકુ માટે ભાવતું ભોજન આવવા માંડ્યું.

– નટવર ગોહેલ

## ચાલો, કૃતિ કરીએ

### ♦ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) તમારા પરિસરમાં ક્યાં ક્યાં પશુ-પક્ષી જોવા મળે છે?

(૨) તમે તેમને શું ખવડાવો છો?

## કૃતિના આધારે

### ♦ યોગ્ય વિકલ્પ પસંદ કરવો.

(૧) કોઈ દૂધ લાવ્યું તો કોઈ .......... લાવ્યું. (દહીં/ઘી)

(૨) તાંસળું ભરીને..... લઈ જિમ્મી આવ્યો. (શીરો/દૂધ)

(૩) સોસાયટીના .... પાસે કંકુએ ગલુડિયા મૂક્યા હતાં. (દરવાજા/ઝાંપા)

### ♦ કેટલા તે લખો.

(૧) જિમ્મીની ઉંમર – ..........

(૨) સોસાયટીમાં આવેલા ચોર – ..........

(૩) કંકુના ભસવાથી જાગેલા યુવાન – ..........

(૪) સોસાયટીમાં કંકુને રાખવાનો વિરોધ કરનારા લોકો – ..........

### ♦ નીચેના વાક્યો કોણ બોલે છે તે કહો.

(૧) બકા, તું દાઝી જઈશ. – ..........

(૨) તું એના માટે ચોખ્ખા ઘીનો શીરો લઈ જા. – ..........

(૩) 'મમ્મી, શીરો ખલાસ' – ..........

(૪) આ અબોલ જીવે કોઈ ઘરને લૂંટાતું બચાવ્યું છે. – ..........

### ♦ લખો.

(૧) તમને રસ્તામાં/પરિસરમાં કોઈ ઘાયલ પશુ-પક્ષી મળે તો તમે શું કરશો?

(૨) સોસાયટીના લોકોએ કંકુ સાથે કરેલા વ્યવહાર વિશે તમારો મત જણાવો.

(૩) તમારા મતે કંકુએ છોકરાને બચકું શા માટે ભર્યું હશે?

(૪) કૃતિમાં તમને ગમતું પાત્ર અને તે ગમવાનું કારણ જણાવો?

♦ પાઠમાંથી નમૂના મુજબ શબ્દો શોધીને લખો. દા.ત. રૂપાળાં ગલુડિયાં

(૧) .................... શીરો  (૩) .................... ઘી

(૨) .................... જનાવર  (૪) .................... ભોજન

## ભાષિક સમજ

♦ ચિત્ર ઓળખી તેના પર્યાયવાચી શબ્દો લખો અને તેનો વાક્યમાં પ્રયોગ કરો.



♦ આપેલા ઉદાહરણ મુજબ 'અણ' પ્રત્યય લગાડી કોષ્ટક પૂર્ણ કરો.

| શબ્દ | 'અણ' પ્રત્યય લગાડતા બનતો શબ્દ | તૈયાર થયેલ શબ્દનો અર્થ | વાક્ય |
|---|---|---|---|
| સમજુ | અણસમજુ | સમજ વગરનું | રાજન અણસમજુ છોકરો છે |
| ગમો | | | |
| બનાવ | | | |
| વર | | | |

♦ કેવા તે કહો?

કૂતરો – વફાદાર  હરણ – ....................  સસલું – ....................

શિયાળ – ....................  કબૂતર – ....................

♦ વિરોધી અર્થવાળા શબ્દોની યોગ્ય જોડી જોડો.

| જૂથ (અ) | જૂથ (બ) |
|---|---|
| (૧) રૂપાળાં | (અ) અણસમજુ |
| (૨) ચોખ્ખું | (આ) દુર્ગંધ |
| (૩) સુગંધ | (ઇ) ઠંડું |
| (૪) ગરમ | (ઈ) ગંદું |
| (૫) સમજુ | (ઉ) કદરૂપા |

♦ નીચેના શબ્દસમૂહ માટે કૃતિમાં વપરાયેલા શબ્દને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| કાંસાનો પહોળો મોટો વાડકો | સ્ટવ |
| રસોઈ બનાવવા માટે વપરાતો એક પ્રકારનો ચૂલો | મૂંગું |
| ઘરની પાછળ આવેલી ખુલ્લી જગા | તાંસળું |
| બોલી ન શકે તેવું | વાડો |

♦ આપેલાં ઉદાહરણને આધારે કોષ્ટક પૂર્ણ કરો.

| પ્રાણી | બચ્ચાં | પ્રાણી | બચ્ચાં |
|---|---|---|---|
| કૂતરું | ગલુડિયું | | મદનિયું |
| | વાછરડું | ઘોડો | |
| બકરી | | ઘેટું | |
| | મીંદડું | ગધેડું | |

## વિશેષ કૃતિ

♦ તમારી શાળામાં ગુજરાતી દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં પ્રસ્તુત કરવા માટે લોકગીત/બાળગીત તૈયાર કરો.

♦ નીચેની કહેવતોનો અર્થ જાણો.



→ ભસ્યા કૂતરા કરડે નહીં.

→ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી

♦ કૂતરા સંબંધિત બીજી કહેવતોની યાદી તૈયાર કરો. (પુસ્તકાલય, ઈ-લાઇબ્રેરી, વાલી, શિક્ષકની મદદથી)

♦ તમારા પરિસરમાંના તમને ગમતા પ્રાણી વિશે પરિચ્છેદ તૈયાર કરો.

♦ તમારા ઘરે શીરો કોણ બનાવે છે? શીરો બનાવતા હોય ત્યારે તેનું નિરીક્ષણ કરી, શીરો બનાવવાની રીત લખો.

♦ જોડીમાં શ્રી. દિનકર જોશી રચિત કૃતિ 'જો ઢોર ફરિયાદ કરે તો...' વાંચો અને તમારા મિત્ર સાથે તે વિશે ચર્ચા કરો.

♦ તમે વાંચેલી-સાંભળેલી કોઈપણ બે વાર્તાના નામ લખો.

♦ નીચેના સમાચાર વાંચી પ્રશ્નોના જવાબ લખો

નાસિક - ૭ સપ્ટેમ્બર

ગુજરાતી પ્રાથમિક શાળા, નાસિકમાં તા. ૩૧ ઑગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી 'સ્વચ્છતા સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શાળામાં સ્વચ્છતા અભિયાન ચલાવ્યું હતું. શાળાના વર્ગોની સાફસફાઈ કરી હતી. બધો કચરો એકઠો કરી કચરાપેટીમાં નાખ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સ્વચ્છતા સંબંધી ઘોષવાક્યો લખેલા બોર્ડ, બૅનર તૈયાર કર્યા હતાં અને પરિસરમાં સ્વચ્છતા સંબંધી જાગૃતિ આણવા માટે 'સ્વચ્છતા ફેરી' કાઢી લોકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.

(૧) સમાચારમાં વર્ણવેલો પ્રસંગ કયાંનો છે?

(૨) સમાચાર શેના વિશે છે?

(૩) સમાચાર પત્ર વાંચવાથી આપણને અન્ય કઈ કઈ જાણકારી મળે છે?



વિદ્યાર્થીઓને સમજાવવું કે પાલતુ પ્રાણીઓ આપણાં મિત્ર છે. આપણે પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો જોઈએ. તેમના માટે ખોરાક-પાણીની વ્યવસ્થા કરવી જોઈએ. બીમાર પ્રાણીનો ઉપચાર કરવો જોઈએ. તે માટે સંબંધિત સંસ્થાઓને જાણ કરી શકાય. તેમને કોઈપણ રીતે હાનિ ન પહોંચે તેનું ધ્યાન રાખવું જોઈએ.

# ૧૭. ખેતરનો ચાડિયો

♦ **ચાલો, ગાઈએ**



ચાલો જોવા જઈએ ભઈલા !
ખોટે ખોટું માણસ!
ખેતર વચ્ચે ઊભું કીધું,
ખેડૂતે આ ફારસ!
એની બીકે આઘાં રહેતાં,
પંખીડાંનાં ટોળાં,
એની ગોફણમાંથી છૂટે,
જાણે મોટા ગોળા!
આંખો તાંણી ઊભો રહેતો,
બેસે ના પગ વાળી,
નકલી રુઆબ રાખી કરતા,
ખેતરની રખવાળી!
બિરદાવો બહાદુરી એની,
કરશો મા હસાહસ!
ચાલો, જોવા જઈએ ભઈલા,
ખોટે ખાટું માણસ!

– કરસનદાસ લુહાર

## ચાલો, કૃતિ કરીએ

### ♦ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) ખેતરની ચોકી શા માટે કરવી પડે?

(૨) ખેતરની ચોકી કરવાનો કોઈ બીજો ઉપાય તમે સૂચવો.

## કૃતિના આધારે

### ♦ યોગ્ય જોડી જોડો.

| | |
|---|---|
| (૧) એની બીકે આઘાં રહેતાં | (અ) જાણે મોટા ગોળા |
| (૨) આંખો તાંણી ઊભો રહેતો | (આ) ખેતરની રખવાળી |
| (૩) એની ગોફણમાંથી છૂટે | (ઇ) પંખીડાંનાં ટોળા |
| (૪) નકલી રુઆબ રાખી કરતો | (ઈ) બેસે ના પગ વાળી |

### ♦ યોગ્ય પર્યાય પસંદ કરો.

(૧) ખેતર વચ્ચે ખેડૂતે ............ ઊભું કર્યું છે.

(અ) ફાનસ (બ) ફારસ (ક) હળ

(૨) ચાડિયો ખેતરની ............ કરે છે.

(અ) રખવાળી (બ) સફાઈ (ક) વાવણી

(૩) ચાડિયો નકલી ............ રાખી ઊભો છે.

(અ) હથિયાર (બ) હાસ્ય (ક) રુઆબ

(૪) ચાડિયો ............... તાણીને ઊભો છે.

(અ) આંખો (બ) પગ (ક) હાથ

### ♦ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો.

(૧) મશ્કરી કર્યા વિના એની વીરતાને વખાણો.

(૨) ચાલો નકલી માણસ જોવા જોઈએ.

(૩) મોટી આંખો કાઢીને સતત ઊભો રહે છે.

(૪) ચાડિયાના ડરથી પંખી આવતા નથી.

♦ આડાઅવળા અક્ષરો યોગ્યક્રમમાં ગોઠવી વાક્યમાં ઉપયોગ કરો.

(૧) ણ મા સ – ..............................

(૨) ડૂ ખે ત – ..............................

(૩) દુ રી બ હા – ..............................

(૪) ખ વા ર ળી – ..............................

♦ સાંભળો અને લખો.

૧) .............. ૨) .............. ૩) .............. ૪) ..............

## ભાષિક સમજ

♦ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) ............ પૂરી વણતી હતી. (સુરેશ, સરલા, શીશુ)

(૨) ............ ચણા ખાતો હતો. (બકરી, ઘેટું, ઘોડો)

(૩) ............ કબડ્ડી રમીએ છીએ. (અમે, તું, તે)

(૪) બાળક ખિલખિલાટ .............. હતું. (હસતું, હસતો, હસતી)

♦ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.

(૧) ભીનું – ભીનાશ

(૨) કાળું – ..............

(૩) તીખું – ..............

(૪) ભૂરું – ..............

(૫) રાતું – ..............

(૬) લીલું – ..............

## વિશેષ કૃતિ

♦ પાંચથી છ વાક્યમાં ચાડિયાનું વર્ણન કરો.

♦ ચાડિયાના ચિત્રનું અવલોકન કરીને ચાડિયામાં ક્યા ક્યા આકારોનો સમાવેશ થયો છે તેની નોંધ કરો.

♦ તમારી શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં તમારે દેશભક્તિ ગીત પ્રસ્તુત કરવાનું છે. તે ગીત તૈયાર કરીને વર્ગમાં રજૂ કરો.

## નીચેમાંથી જે વસ્તુઓ ખેતી માટે ઉપયોગમાં આવે છે તેની પર ✓ કરો.



## ચાલો, ચાડિયો દોરીએ.






વિદ્યાર્થીઓને 'ખેડૂતને જગતનો તાત કહેવાય છે', એ વિધાનના આધારે ખેડૂત ખૂબ શ્રમ કરીને, કુદરતી પડકરો સામે ઝીંક ઝીલીને અન્ન ઉગાડે છે. તે જણાવી જમતા પહેલાં ખેડૂતનો આભાર માનવા પ્રેરિત કરવા. ચાડિયો દોરવાની શરૂઆત કરતાં પહેલાં તેના ક્રમ અંગે ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપવું. તેમ જ સહાયકની ભૂમિકા ભજવવી.

# ૧૮, સુભાષિતો

♦ ચાલો, ગાઈએ

હલકા કોને ના ગણો, સૌમાં છે ભગવાન,
ઊંચનીચ ના કોઈ છે, સર્વે એક સમાન.

બહુજન મળીને જે કરે, એકલથી ના થાય,
સાવરણીથી ઘર વળાય, સળી એકે શું થાય?

જેવાં બીજને વાવશો, તેવાં ઊગશે ઝાડ,
આંબાનું ફળ વાવશો, તો ઊગશે નહિ તાડ.

શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક,
દુઃખ આવે જે મદદ કરે, તે લાખોમાં એક.

આવ નહિ, આદર નહિ, નહિ નયનોમાં નેહ,
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

ઉદ્યમથી લક્ષ્મી મળે, મળે દ્રવ્યથી માન,
દુર્લભ પારસ જગતમાં, મળવો મિત્ર સુજાણ.

કરતાં સંગત સંતની, બે બાજુએ લાભ,
દુર્ગુણો તો દૂર કરે, સદ્‌ગુણ આપે સાથ.



વિદ્યાર્થીઓને સુભાષિતમાં આવેલા અપરિચિત શબ્દોની યાદી તૈયાર કરી, શબ્દકોશમાંથી તેના અર્થ શોધવા કહેવું. સુભાષિતનો ભાવાર્થ સમજાવ્યા બાદ બાળકોને જોડીમાં પોતાના શબ્દોમાં આશય રજૂ કરવા કહેવું. શાળાના પુસ્તકાલયમાંથી સુભાષિતસંગ્રહ મેળવી બીજા સુભાષિત વાંચી, વર્ગમાં રજૂ કરવા પ્રેરિત કરવા.

# ૧૯. ચિત્રલેખા

એક હતી અપ્સરા.
એનું નામ ચિત્રલેખા.
ચિત્રલેખાને ચિત્રો ચીતરવા બહુ જ ગમે.

જાતજાતનાં ને ભાતભાતનાં એ સુંદર ચિત્રો દોરે અને આંખે ઊડીને વળગે એવા સરસ રંગ પૂરે. એણે નવલખ તારા ચીતર્યા, એમાં વહેતી આકાશગંગા ચીતરી. આભની અટારીએ ઊડતાં વાદળાં એણે ચીતર્યાં ને તેમાં બહુ જ ખૂબીથી સાત રંગનું મેઘધનુષ્ય ચીતર્યું. એમાં સુંદર રંગપૂરણી કરી. આખા ચિત્રનો ઉઠાવ એણે ભારે મઝાનો કર્યો.





પણ એ હતી મનમોજી. એને વિચાર થયો કે લાવ ને ધરતી ઉપર જાઉં. જાતજાતના રંગની પેટી લીધી, નાની મોટી પીંછીઓ લીધી અને એ તો ઊપડી. ઊડતી ઊડતી એ ધરતી ઉપર આવી પહોંચી. એણે ચારે તરફ નજર નાખીને જોવા માંડ્યું. ધરતી ઉપર એણે ફૂલ જોયાં : ગુલાબ ને કેતકી, મોગરો ને જાસૂદ, કમળ ને કેવડો, જાઈ ને જૂઈ અને બીજા ઘણાં બધાં. એમાં સુગંધ હતી પણ રંગ ન હતો. એમને રંગ ન હોવાને લીધે એમનો દેખાવ ખીલતો ન હતો. ચિત્રલેખાએ પોતાની રંગની પેટી ઉઘાડી અને બધાં ફૂલોને પોતાના દૈવી રંગે રંગવા લાગી. એણે તો મઝાના રંગ પૂર્યા. ફૂલ બધાં શોભી ઊઠ્યાં. જે જુએ તે ખુશ ખુશ થઈ જાય! અને રંગ પણ કેવા? કદી જાય નહિ એવા. ઝાંખા પણ ન પડે. બધાં ફૂલઝાડ ને વન-ઉપવન સુંદર ફૂલોથી ખીલી ઊઠ્યાં.

પક્ષીઓએ ચિત્રલેખાની કલા જોઈ. એમના મનમાં પણ એમ થયું કે આવો કલાકાર આપણને પણ રંગે તો સારું, આપણો દેખાવ પણ મઝાનો થાય. એમણે પોતાના તરફથી કબૂતર અને કાકાકૌવાને ચિત્રલેખા પાસે મોકલ્યાં. એમણે ચિત્રલેખાને પક્ષીઓને રંગવાની અરજ કરી અને ચિત્રલેખાએ ખુશીથી સ્વીકારી. ચિત્રલેખા એક પછી એક પંખીઓને લાવતી ગઈ અને પોતાની કલા એમના ઉપર અજમાવવા લાગી.

એણે કબૂતરને આછા વાદળી રંગે રંગ્યું અને ગળા ઉપર લાલ રંગની છાંટ નાખી. કબૂતરનો દેખાવ ફરી ગયો. કાકાકૌવા પણ પોતાના રંગથી રાજી રાજી થઈ ગયો. પછી આવ્યો મોરનો વારો. મોરને રંગવામાં એણે ભારે કલા બતાવી. મોરની ડોક, એની પાંખ એનાં પીંછાં એ દરેકમાં બહુ જ મનોહર રંગ પૂર્યા. એ તો એટલો ખુશ થયો કે થનગન થનગન નાચવા મંડી પડ્યો ! પછી આવ્યો ગરુડનો વારો. ખૂબ વિચાર કરીને ચિત્રલેખાએ એને માટે ભૂખરો રંગ પસંદ કર્યો અને એ રંગની આખી ગોટી ગરુડને રંગવા માટે વાપરી. ઊંચા વાદળમાં ઊડવાનું એટલે ગરુડને પણ એ રંગ ગમ્યો. એનાથી ગરુડનો મોભો પણ વધ્યો.





એવામાં ફરિયાદ આવી કે કાગડો અને કોયલ છાનાંમાનાં રંગની પેટી ઉઘાડી પોતાનાં પીંછાં રંગતાં હતાં. ચિત્રલેખાએ તે જોયું અને એ બેઉને સજા તરીકે આખે શરીરે કાળો રંગ લગાડ્યો. બેઉને કાળાં કર્યાં.

પછી આવ્યો હંસ. એણે તો થોડા રંગથી જ સંતોષ માન્યો. પોતાની ચાંચ જ એકલી રંગવાની એણે ચિત્રલેખાને વિનંતી કરી.

ચિત્રલેખાએ મઝાના લાલ રંગથી એની ચાંચ રંગી. એનાથી હંસની સફેદાઈ ખૂબ ખીલી ઊઠી. હંસ પાંખો ફફડાવતો ઊડી ગયો ત્યાં તો ઘુવડ આવ્યું.

'મારાં બચ્ચાં એકલાં છે, વખતે કોઈ એમને હેરાન કરે, માટે જલદી કરો.' ઘુવડ બોલ્યું. ચિત્રલેખાએ બનતી ઉતાવળે એને પણ રંગ પૂરીને રવાના કર્યું. જેવું જેવું પક્ષી તેવા તેવા એ રંગ પસંદ કરતી ગઈ અને રંગતી ગઈ. પછી તો આવ્યાં પોપટ ને કાબર, અને મેના ને બુલબુલ.

પોપટ તો મીઠું મીઠું ગાય તેથી ચિત્રલેખાએ એને સુંદર રંગે રંગ્યો, એની લાલ મઝાની ચાંચ કરી, આછા લીલા રંગે એનાં પીંછાં રંગ્યાં ને





કોટે કાળો કાંઠલો કર્યો. કાબરના કલબલાટથી જરા પણ કંટાળ્યા વિના એને તથા મેનાને સારી રીતે રંગ્યાં. બુલબુલને પણ ખુશ કર્યું. તે પછી આવ્યાં શાહમૃગ. એ કહે: 'અમને પણ રંગો.' ચિત્રલેખાએ એમને રંગવા માંડ્યાં. એમને રંગતાં રંગતાં તો ઘણાબધા રંગ ખૂટી પડ્યા. એવા મોટાં પક્ષીઓને રંગે પછી રંગ તો ખૂટી જાય ને! કાળા રંગનો તો ઘાણ નીકળી ગયો. રંગ જોઈને શાહમૃગ રાજી થયાં. તે પછી આવ્યાં હોલા, લેલાં, ચકલી, દેવચકલી અને નીલકંઠ. એમને બધાંને રંગતાં ચિત્રલેખાને વાર ન લાગી. નીલકંઠને રંગવા પાછળ એણે ખૂબ મહેનત લીધી. એ બધાં રાજી થઈને ઊડી ગયાં. ચિત્રલેખાએ રંગની પેટી ને પીંછીઓ સાફ કરવા માંડી. એવામાં આવ્યો કૂકડો. એ કહે 'મને રંગો.' 'અત્યાર સુધી તું ક્યાં ગયો હતો?' ચિત્રલેખાએ પૂછ્યું. 'હું તો ઉકરડો ફેંદતો હતો. મને તો છેક હમણાં જ ખબર પડી તે દોડતો આવ્યો.

ચિત્રલેખાને વિચાર થઈ પડ્યો કે આને હવે શું કરવું? ને રંગે નહિ તો એ બિચારો નિરાશ થાય. ચિત્રલેખાએ બધાં પક્ષીઓને બોલાવ્યાં અને બધાંને કહ્યું કે તમારામાંથી થોડો રંગ લેવા દો. સૌએ તે કબૂલ કર્યું.

ચિત્રલેખાએ બધાં પંખીમાંથી થોડો થોડો રંગ લીધો ને વિવિધ રંગે કૂકડાને રંગ્યો. કૂકડો રાજી રાજી થઈ ગયો. પોતાના કામથી સંતોષ પામતી ચિત્રલેખા આકાશમાં ઊડી ગઈ.

– નાગરદાસ ઈશ્વરભાઈ પટેલ



## ચાલો, કૃતિ કરીએ

♦ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) જો જુદા જુદા રંગ ન હોય તો શું થાય?
(૨) તમને ક્યા રંગ ગમે?
(૩) ચિત્ર દોરવા માટે શેની શેની જરૂર પડે?
(૪) તમને આ દુનિયાને ફરી રંગવાનો મોકો મળે તો તમે કોને ક્યા રંગે રંગો?
(૫) પાઠમાં આવેલા ક્યા પક્ષીઓને તમે જોયા છે?
(૬) તમારા મતે ચિત્રલેખાએ ક્યા પક્ષીને સૌથી સરસ રંગ્યું?

## કૃતિના આધારે

♦ **યોગ્ય પર્યાય પર (✓) કરો.**

(૧) ચિત્રલેખાને શું બહુ જ ગમતું?
(અ) ચિત્રો દોરવા (બ) ગીત ગાવું (ક) સીવણ કરવું (ડ) ઊંચે ઊંચે ઊડવું.
(૨) ધરતી ઉપરના ફૂલોમાં શું નહોતું?
(અ) પાંખડી (બ) રંગ (ક) દાંડી (ડ) સુગંધ

(૩) ચિત્રલેખાએ ઘુવડને બનતી ઉતાવળે રંગ પૂરી રવાના કેમ કર્યું?

(અ) ચિત્રલેખા થાકી ગઈ હતી.

(બ) તેને રંગ પૂરવાનો કંટાળો આવતો હતો.

(ક) તેના રંગ ખૂટી ગયા હતા.

(ડ) ઘુવડના બચ્ચાં એકલાં હોવાથી તેને જલ્દી જવું હતું.

## ♦ નીચેના વાક્યો કોણ બોલે છે?

(૧) અત્યાર સુધી તું ક્યાં ગયો હતો? – ..........

(૨) મને રંગો – ..........

(૩) મારાં બચ્ચાં એકલાં છે. – ..........

(૪) હું ઉકરડો ફેંદતો હતો. – ..........

## ♦ કહો કોણ?

(૧) થોડા રંગથી સંતોષ માનનાર – ..........

(૨) ઉકરડો ફેંદનાર – ..........

(૩) જલદી રંગ પૂરવા કહેનાર – ..........

(૪) છાનાંમાનાં પોતાનાં પીંછાં રંગનાર – ..........

(૫) પોતાના રંગથી રાજી થઈ જનાર – ..........

## ♦ પાઠમાં આવેલા શબ્દો લખી કોષ્ટક પૂર્ણ કરો.

| | |
|---|---|
| ફૂલ | |
| રંગ | |
| જોડશબ્દ | |
| પક્ષી | |

♦ યોગ્ય જોડકાં જોડો.

| પક્ષી | વિશેષતા |
|---|---|
| (૧) ઘુવડ | દૂધ અને પાણી જુદાં કરે |
| (૨) શાહમૃગ | પક્ષીઓનો રાજા |
| (૩) ગરૂડ | સૌથી મોટા કદનું પક્ષી |
| (૪) હંસ | રાત્રે જાગતું પક્ષી |

♦ લખો

(૧) ચિત્રલેખાએ પોપટમાં ક્યા રંગો પૂર્યા?

(૨) ક્યાં પક્ષીઓ એકલાં આવ્યાં હતાં?

(૩) ક્યાં પક્ષીઓ બીજાં પક્ષીઓ સાથે આવ્યાં હતાં?

(૪) આ પાઠમાં તમને શું ગમ્યું?

(૫) આ પાઠમાંથી તમને શું શીખવા મળ્યું?

## ભાષિક સમજ



♦ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો કૌંસમાંથી શોધીને લખો.

(અટારી, મનોહર, ઉકરડો, અરજ)

(૧) ઝરૂખો –

(૨) વિનંતી –

(૩) ગંદવાડ –

(૪) મોહક –

♦ નીચેના શબ્દો ઉલટાવીને બનતો નવો શબ્દ લખો.

(૧) નવ –

(૨) લખ –

(૩) મલક –

(૪) દવા –

(૫) રમત –

(૬) નત –

♦ નીચેના શબ્દસમૂહ માટે પાઠમાં વપરાયેલ શબ્દ લખો.

(૧) આકાશમાં રાતે દેખાતો લાંબો, સફેદ, ચળકતો પટ –

(૨) સ્વર્ગની વીરાંગના –

(૩) કલાયુક્ત રચના કરનાર –

## ♦ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ચિત્ર દોરનાર | (અ) ચિત્રકાર | (બ) સંગીતકાર | (ક) કલાકાર | (ડ) કથાકાર | (   ) |
| (૨) લેખ લખનાર | (અ) કવિ | (બ) લેખક | (ક) ગ્રંથકાર | (ડ) વાર્તાકાર | (   ) |
| (૩) કાવ્ય રચનાર | (અ) કલાકાર | (બ) સંગીતકાર | (ક) કવિ | (ડ) કથાકાર | (   ) |
| (૪) દાગીના બનાવનાર | (અ) લુહાર | (બ) કુંભાર | (ક) સોની | (ડ) શિલ્પી | (   ) |
| (૫) રૂ પીંજનાર | (અ) દરજી | (બ) પિંજારો | (ક) સુથાર | (ડ) ભરવાડ | (   ) |
| (૬) કપડાં ધોનાર | (અ) મોચી | (બ) ધોબી | (ક) લુહાર | (ડ) દરજી | (   ) |

## ♦ નીચે આપેલા શબ્દમાંથી શુદ્ધ જોડણીવાળા શબ્દનો પર્યાય કૌંસમાં લખો.

| અ | બ | ક | |
|---|---|---|---|
| (૧) વિચીત્ર | વીચિત્ર | વિચિત્ર | (   ) |
| (૨) શારીરિક | શારીરીક | શારિરિક | (   ) |
| (૩) રળીયામણું | રળિયામણું | રળ્યામણું | (   ) |
| (૪) પ્રતિબિંબ | પ્રતિબીંબ | પ્રતીબીંબ | (   ) |
| (૫) કુટૂંબ | કૂટૂંબ | કુટુંબ | (   ) |
| (૬) ઊજવની | ઉજવણી | ઊજવણી | (   ) |

## ♦ શબ્દને અનુસરીને યોગ્ય ધ્વનિવાચક શબ્દ ઓળખો.

(૧) જેમ ઝાંઝરનો ઝણકાર તેમ ઘંટનો (   )

(અ) થડકાર (બ) રણકાર (ક) ભણકાર (ડ) ટંકાર

(૨) જેમ બંગડીનો ખણખણાટ તેમ ઘોડાનો (   )

(અ) બડબડાટ (બ) ગડગડાટ (ક) હણહણાટ (ડ) ખડખડાટ

(૩) જેમ સાગરનો ઘુઘવાટ તેમ પવનનો (   )

(અ) સૂસવાટ (બ) ઝણકાર (ક) રણકાર (ડ) ચમકાર

(૪) જેમ મચ્છરનો ગણગણાટ તેમ માખીનો (   )

(અ) ખળખળાટ (બ) કલબલાટ (ક) હણહણાટ (ડ) બણબણાટ

♦ નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી જોડો.

| | |
|---|---|
| (૧) ઘાણ નીકળી જવો | (અ) કલાનો પ્રયોગ કરવો |
| (૨) ઊડીને આંખે વળગવું | (બ) ઘટવું, ઓછું પડવું |
| (૩) કલા અજમાવવી | (ક) વધારે પડતો વપરાશ થવો |
| (૪) ખૂટી પડવું | (ડ) એકદમ આકર્ષક લાગવું |

## વિશેષ કૃતિ

♦ શ્રી. ઉદયન ઠક્કર રચિત કાવ્ય 'રંગ ખજાનો' સમૂહમાં ગાઓ.

♦ નીચેના વિષય પર નાનકડો પરિચ્છેદ તૈયાર કરો..

મને ગમતું પક્ષી

મુદ્દા : પક્ષીનું નામ - કેવું છે તે વર્ણન - ક્યાં જોવા મળે? શું ખાય? વિશેષતા

## કલાનો કસબ

♦ નીચેનુ ચિત્ર પૂરું કરી, તમને ગમતાં રંગ પૂરો.





દૃશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી કૃતિમાં આવેલાં દરેક પક્ષીનાં ચિત્રો બતાવવાં. તેમની વિશેષતા અંગે ચર્ચા કરવી.

# ખડખડાટ હસીએ

**શિક્ષક** : રવિ, આ નકશો જોઈ અમેરિકા ખંડ શોધી કાઢ.
**રવિ** : આ રહ્યો અમેરિકા ખંડ.
**શિક્ષક** : પૂજા, હવે તું કહે કે અમેરિકા ખંડ કોણે શોધ્યો?
**પૂજા** : રવિએ, સર!



★★★

**સાગર** : ''કાકા! તમે ત્રણ જોડી ચશ્મા શા માટે રાખો છો?''
**કાકા** : ''એક જોડી દૂરનું જોવા, બીજી જોડી નજીકનું જોવા અને ત્રીજી જોડી આ બંનેને શોધવા માટે છે.''

★★★

**ફર્નિચરવાળો** : સાહેબ, મારે બેબીનું ઍડમિશન લેવું છે.
**આચાર્ય** : ભાઈ, તમે થોડા મોડા પડ્યા. હવે તો એક પણ સીટ ખાલી નથી.
**ફર્નિચરવાળો** : સાહેબ, તમે એની ચિંતા ન કરશો. હું સરસ નવી સીટ બનાવી આપીશ.

★★★

**સંજય** : રાજુ, નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો પગ મૂક્યા પછી શું કર્યું હશે?
**રાજુ** : પછી તરત જ બીજો પગ મૂક્યો હશે.



★★★

**સંજના** : તું આકાશના તારા ગણી શકે?
**મૈત્રી** : અત્યારે તો બહુ અંધારું છે. દિવસના અજવાળામાં ગણીને કહીશ.

★★★



**સનત** : જતીન, તું કીડીની પાછળ કેમ જાય છે?
**જતન** : એ જોવા કે મમ્મીએ મિઠાઈનો ડબ્બો ક્યાં સંતાડ્યો છે.

બાળકોને શાળાના ગ્રંથાલયમાંથી અન્ય રમૂજી ટૂચકાઓનું પુસ્તક વાંચી, વર્ગમાં ટૂચકાઓ કહેવા પ્રેરિત કરવા.

## ♦ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો.



બાળકોને પ્રશ્નોત્તરીના માધ્યમથી ચિત્રવર્ણન કરવા પ્રેરિત કરવા. ચિત્રમાં કયા કયા ખાદ્યપદાર્થ દર્શાવામાં આવ્યા છે? તેમાંથી ક્યા હાનિકારક છે? ક્યા પૌષ્ટિક-લાભકારક છે તે વિશે જોડીમાં ચર્ચા કરવા કહેવું. પૌષ્ટિક - લાભકારક અને હાનિકારક ખોરાક (જંકફૂડ) વિશે, તેનાથી થતાં લાભ/હાનિ વિશે સવિસ્તાર માહિતી આપી, સ્વાસ્થ્યપ્રદ, સંતુલિત ખોરાક ખાવાની પ્રેરણા આપવી.

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**

CHILD LINE 1098 NIGHT & DAY

બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) :
૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય મફત દૂરધ્વનિ સેવા છે,
જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત
'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

# राज्यगीत




जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।




भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।





काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।





મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता चौथी (गुजराती माध्यम)

₹ 69.00

